A Spiritual education with pleasure

# Sun N Fun

પ્રિયમ્

***Aho Shrutam***
Babulalji, Siddhachal Banglows,
Hira Jain Society, Sabarmarti,
Ahmedabad-380005. M. 9426585904
ahoshrut.bs@gmail.com

# બિયારણ

ક્યારેક ક્યારેક એવી સંવેદના થઈ આવી છે
કે બાળકોને જ પ્રવચનો આપવા.
સરળતા અને સજ્જતાના આ ખેતર પર
બોધપરિણતિની ખેતી કરતા
ખરેખર ખૂબ પરિતોષ અનુભવાય છે.

SUN એટલે જ્ઞાનનો સૂરજ
અને
FUN એટલે અંતરનો આનંદ
રવિવારીય બાળકોની શિબિરોમાં
મોજ-મસ્તી સાથે
જે જ્ઞાનની લ્હાણી થઈ
એની ઝલક અહીં પ્રસ્તુત છે.

સંયમી પૂજ્યો,
બાળકોના વાલીઓ
અને બાળકો -
સહુના કરકમળમાં
આ બિયારણ
સપ્રેમ.

- પ્રિયમ્

# ૧ *The Finest Fun* - આનંદની ઓળખાણ

Whole the world wants fun, but it doesn't know, what's the source of the fun ? What's the real fun & the finest fun ? **તમે જેને ઓળખતા નથી, એમને શોધી કાઢવા એ મુશ્કેલ જ નહી, અશક્ય પણ છે. આજે આપણે કરવી છે, આનંદની ઓળખાણ.** We shall find today the finest fun, Let's start.

**(A) FUN OF THE FEAST** : એક દર્દીએ ડોક્ટરને ખાવા-પીવા અંગે જાતજાતના પ્રશ્નો કરીને એમનું માથું ખરાબ કરી દીધું. છેવટે ડો. કંટાળીને બોલ્યા. જે ખાવું હોય એ ખાવ પણ મારું માથું નહીં ખાવ.

This is the fact. **જાનવર માંદુ પડે એટલે એ પહેલું કામ ખાવાનું બંધ કરી દેવાનું કરે છે. જ્યારે માણસ ખાવાની પળોજણ વધારી દે છે.** આપણે જે ખાઈએ છીએ તેના બે ભાગ ડો. ને કામ લાગે, એક ભાગ આપણને.

**ખાય, પીએ અને બોલે જે માપસર વીર ।**
**મનની સુખ-શાંતિ વધે, સુખી રહે શરીર ।**

**નીતિવાક્યામૃતમ્** કહે છે - **यो मितं भुङ्क्ते स बहु भुङ्क्ते ।**
જે ઓછું ખાય છે, તે વધુ ખાય છે.

**વિનોબા ભાવે** - મારો આહાર આ છે - ૧-**આકાશ**, ૨-**વાયુ**, ૩-**સૂર્યકિરણ**, ૪-**પાણી** અને સૌથી ઓછી મહત્વની વસ્તુ છે **અન્ન.**

છગન જમણવારમાં ગયો. પહેલા દાળ-ભાત ખાધા. પછી લાડુ ઠોક્યા. પછી ફરી દાળ-ભાત લીધાં. ખુલાસો કર્યો - ઉલ્ટી/ઝાડા થાય તો દાળભાત જાય. લાડુ અકબંધ રહે He doesn't know, there is no safe deposit walt in our stomach (પેટ).

**કમ ખાના ગમ ખાના નમ જાના.**

This is the fun of the feast. બાકી દુનિયા જે રસ્તે દોડે છે, એ વિનાશનો રસ્તો છે. થોડા સમય પહેલા સુરતમાં એક યુવાને બહાર હોટેલ/લારીનું ખાધું. ખાઈને ઘરે આવ્યો. બે જ કલાકમાં એના શરીરના તમામ રોમછિદ્રોમાંથી કીડા બહાર આવવા લાગ્યા. ચીસાચીસ કરતાં એ યુવાનને હોસ્પિટલમાં એડમીટ કરાયો. ૪ કલાકના નિષ્ફળ પ્રયત્નો બાદ સ્વજનોના કહેવાથી એને ઝેરનું ઈંજેક્શન આપીને મારી નાંખવામાં આવ્યો. I ask you ચાઈનીઝ પાણીપુરી-ભેળપુરી - એ મજા કે સજા ? હોટલના મેનેજર બહાર બીજે જમતા હોય છે. કોઈ હોટલના કિચનમાં તમને એન્ટ્રી નહીં મળે. કારણ કે ત્યાં પગથી લોટ ગુંદતા હોય, અંદર પરસેવા પડતા હોય, જીવાતવાળા શાક, ઉંદરવાળા અથાણા, વાસી ૪ દિવસની દાળ, સબ કુછ ગરબડ, ગોટાળા હોય છે. તમારી મમ્મીએ તમારા માટે જે વાત્સલ્યથી બનાવ્યું તે દુનિયાનું સર્વશ્રેષ્ઠ ભોજન છે. એનો તિરસ્કાર એ તમારી હેલ્થનો તિરસ્કાર છે. **દુનિયામાં વિશ્વયુદ્ધોથી કે આંતકવાદીઓથી જેટલા લોકો નથી મર્યા, તેટલા લોકો બહારના ખાવાથી મર્યા છે.** સાયન્સ કહે છે, હોટલ-લારી, ટીન ફુડ, પેક ફુડ, જંક ફુડ આ બધું જ ઝેર છે. આ બધું જંતુનાશક દવા, કેમિકલ્સ, અખાદ્ય રંગો, નિકલ વગેરે હાનિકારક દ્રવ્યોવાળું હોય છે. પેટને કચરાપેટી અને જીવનને રોગપેટી ને મોતપેટી ન બનાવવું હોય તો fun of the feast સમજી જાઓ.

**તાજું ખાય, વખતસર સૂવે**
**એનો રોગ રઝળતો રુવે.**

**પીઝા, બર્ગર, ચાઈનીઝ, પાણીપુરી, ભેળપુરી આ બધાં ખતરનાક કીડાઓ છે. જે તમારા શરીરને ફોલી ખાય છે. પછી ૩૦ વર્ષે ચેસ્ટ પેઈન, ૩૨ વર્ષે બેક પેઈન, ૩૪ વર્ષે ની પેઈન, ૩૬ વર્ષે ડાયાબિટીસ, ૪૦ વર્ષે એક જ એટેકમાં ભુક્કો બોલાઈ જાય છે.** આપણા પૂર્વજોને જીવનભર આ કોઈ રોગો થતા ન હતા. કારણ કે તેમણે આ ડીસોના નામ પણ સાંભળ્યા ન હતા.

**More dishes more desease.** આપણા પૂર્વજોના શરીર આપણા કરતા ૧૦ ગણા મજબૂત હતા. કારણ કે

**અડદની દાળ અને બાજરાનો રોટલો**
**લાત મારે તો તૂટી જાય ઓટલો.**

આજે માણસ પોતાની કબર પોતાના દાંતથી ખોદે છે. ભારે ભોજન જીવનને ટૂંકું બનાવે છે. એક માણસ ભૂખે મરે, એની પહેલા સો અકરાંતિયા મરી ગયા હોય છે. My dears ! **ભોજન તો ઘણી તુચ્છ વસ્તુ છે. એના ખાતર આ અમૂલ્ય જીવનને બરબાદ કરી દેવા જેવું નથી. ઓછા અને સાદા ખોરાકથી આ જીવનની ખરી વસ્તુને તમે માણી શકો. એ જ fun of the feast છે.**

**(B) FUN OF THE DRESS :** એક લગ્નનો વરઘોડો નીકળતો હતો. એક જણે બાજુવાળા વ્યક્તિને કહ્યું - આ છોકરો કેટલી બેહુદી રીતે નાચે છે ! એ કહે - એ છોકરો નથી, મારી દીકરી છે. પેલો તો ચમક્યો. મને ખબર નહીં તમે એના પપ્પા છો. એ કહે હું એના પપ્પા નહીં, મમ્મી છું.

Yes, that happens. આજે અડધી દુનિયા અડધી પાગલ થઈ ગઈ છે. એક છોકરી બોય-કટ કરાવે કે પુરુષવેષ પહેરે, એટલે એના શરીરમાં એક રાસાયણિક પરિવર્તન ચાલુ થઈ જાય છે. એના મનમાં પુરુષપણાની એક અવ્યક્ત ગ્રંથિ બંધાવા લાગે છે. એનાથી એ ચિત્ર-વિચિત્ર રોગોનો ભોગ બને છે.

Let me say, **જિન્સ એ છોકરાએ પણ પહેરવા જેવી વસ્તુ નથી. ગઈ સદીમાં યુરોપમાં ખાણના મજુરો માટે જલ્દી ફાટે નહીં એટલા માટે જિન્સના જાડા લટ્ઠ કપડાં બનાવાયા. જે ગરીબ મજદૂરો માટે બન્યું તું. તે શ્રીમંતોએ ઉઠાવી લીધું. ભારતની ગરમ આબોહવામાં આ બિલ્કુલ સ્યુટેબલ નથી.** But we are half mad. **આખો પગ પરસેવાથી ભરાઈ જાય, તો ય ચલાવે રાખવું.**

પરિમલમાં અમારા મહાત્મા ગોચરી માટે ગયા હતા. એક ઘરમાં ઘણા

મહેમાનો હતો. એક ૫૫ વર્ષના ભાઈ આવ્યા ને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. એમણે કહ્યું, કાલે મારો ૩૦ વર્ષનો છોકરો એટેકમાં ઓફ થઈ ગયો.

I tell you, જરા વિચારો, એકનો એક દીકરો, ભણાવી ગણાવીને C.A. થયેલો. ને આ રીતે- અચાનક Why ? સાયન્સ કહે છે. ચુસ્ત કપડાંથી શરીરમાં ટેસ્ટેસ્ટોરમ નામના હોર્મોન્સનું પ્રમાણ બગડે છે. એનાથી બ્લડ સર્ક્યુલેશન ડિસ્ટર્બ્ડ થાય છે. અને હાર્ટ પ્રોબ્લેમ-હાર્ટ એટેક આવે છે. શું આને Fun of the dress કહી શકાય ?

છગનને કાનમાં તમરા બોલતા હોય ને ડોળા બહાર નીકળી જતાં હોય એવું લાગતું'તુ. એક ડો. ના કહેવાથી બધાં દાંત પડાવી દીધા. બીજાના કહેવાથી એપેન્ડિક્સ કઢાવ્યું. ત્રીજાએ કહ્યું કે તમે છ મહિનાથી વધુ નહીં જીવો. છગનને થતું મરવું જ છે, તો જલસા કરી લેવા દે. દરજી પાસે નવા કપડા કરાવવા ગયો. એણે માપ લેવા માંડ્યું. ગળુ ૧૬ ઇંચ. છગન કહે ના, ૧૪ ઇંચ છે, હું એ જ માપ પહેરું છું. દરજી કહે હું તો બનાવી આપીશ. પણ પછી કાનમાં તમરાં બોલતા હોય ને આંખો બહાર નીકળી જતી હોય એવું લાગે. તો મને નહીં કહેતા.

**ટી.વી./સિનેમા/મીડિયાથી પોતાનો ડ્રેસ નક્કી કરવો, તે એક પ્રકારની સુસાઈડ છે. રાજસ્થાનમાં ૧૨ હાથનો ફેંટો માથે બાંધતા. ગરમીથી માથાને રક્ષણ મળતું. તેઓ નીરોગી રહેતા. ફોરેનની હેટ કેટલા રોગોને ઘુસવા દે છે. એની તમને ખબર નથી, એક દિવસ ફરી ધોતી-ઝબ્બા ને પાઘડીનો ટ્રેન્ડ ચાલશે ને આ સર્કલ પૂરું થશે. પણ ત્યાં સુધીમાં ખોટાં ટ્રેન્ડે લાખોના જાન લઈ લીધા હશે.**

I say, હેલ્થની વાત જવા દો, જે સમયે આ દેશમાં કરોડો લોકો ભૂખ્યા છે, લાખો બાળકો નાગા-પૂગા છે, ત્યારે તમને તમારા કપડાની પડી છે ? ૧૫ જોડી કપડાં હોવા છતાં, તમે મમ્મી પાસે નવા કપડા લેવાની જીદ કરો ? ઓરિસ્સાની ભયંકર ગરીબી જોઈને ગાંધીજીએ સૂટ-પેન્ટ છોડ્યા હતા. ચર્ચિલની સામે સિંહગર્જના કરી હતી કે Quit India, અમને રાજ કરતાં નહીં આવડે તો કાગડા-કૂતરાના મોતે મરી જઈશું, પણ

તમે તો જાવ ને જાવ. તમે જે અમારા લોહી ચૂસ્યા છે, તમે જે અમારા મા-બહેનોના અંગ પર કપડાં પણ રહેવા દીધાં નથી, એ અમે સહન કરી શકીએ તેમ નથી.

I tell you, આ જ સિંહગર્જના ભીતરના મોહરાજા પર કરો - Quit my soul, મારા સાધર્મિક ભાઈ-બહેનો ભૂખે મરતા હોય, આપઘાત કરતાં હોય, લોહીના આંસુ પાડતા હોય, એ સમયે જો હું મારા ખાવાના-પહેરવાના નખરાં કરીશ તો કર્મસત્તા મારા છોતરા કાઢી નાંખશે.

Get out moharaja. Quit my soul.

**નક્કી કરો, જ્યાં સુધી જુના કપડાં ફાટે નહીં ત્યાં સુધી નવા નહીં લઉં, નવા લેવાના હશે, ત્યારે નખરા નહીં કરું. Very first જે ડ્રેસ મારા માપનો થઈ જાય, એને હું pass કરી દઈશ. choice ના લફડામાં નહીં પડું.**

You don't know, અબજો રૂપિયાનું બજાર ચોઈસથી ચાલે છે. લાખો કારખાના, કરોડોના ધુમાડા, અબજોની જાહેરાતો, ગળાકાપ સ્પર્ધા, આ બધાંનું મૂળ ચોઈસ હોય છે. દુનિયાનો બેસ્ટ ડ્રેસ છે મુનિવેષ નં.૨ શ્રાવકનો - પૂજાનો-સામાયિકનો ડ્રેસ નં.૩ સાંસ્કૃતિક ડ્રેસ. આજે તમારે મજૂરોનો અનાર્યોનો ડ્રેસ પહેરવો પડે છે. એ Bad luck છે. પણ તમે એમાં નખરાં કરો તો એ Bad mind છે. દુર્ભાગ્ય કરતાં પણ વધારે ખરાબ છે દુર્બુદ્ધિ. ભગવાન પાસે રોજ પ્રાર્થના કરજો કે મને જલ્દી જલ્દી A grade નો ડ્રેસ મળી જાય. That's the fun of the dress.

**(C) FUN OF THE ENTERTAINMENT :** સ્ટુડિયોમાં એક ભાઈ ફોટો પડાવવા ગયા. ફોટોગ્રાફરે સ્માઈલ પ્લીઝ ઘણી વાર કહ્યું, પણ રડમસ ચહેરો. એ કહે ‘કોઈ સારો પ્રસંગ યાદ કરો.’ ‘બન્યો જ નથી.’ ‘લગ્નનો દિવસ યાદ કરો.’ બિચારા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

તમે જેને મનોરંજન કહો છો. એનાથી જ મોટા ભાગની દુનિયા દુઃખી છે. હાસ્ય કલાકાર ગ્રીમાલ્ડી લંડનમાં મનોચિકિત્સક પાસે પોતાની ઉદાસીનો ઈલાજ કરાવવા ગયો. ત્યારે ડોકટર એ તેના જ પ્રોગ્રામમાં જવા એને સૂચન

કર્યું. અને તે રડી પડ્યો. આ સંસાર છે. દુનિયાને હસાવનારા ય રૂમ બંધ કરીને ધ્રુસકે ધ્રુસકે રડતા હોય છે. દુનિયાના મોટા ભાગના પાગલખાના, જેલો, ચિલ્ડ્રન રિમાન્ડ હોમ્સ આ બધાનાં મૂળમાં ટી.વી., વિડિયો, થિયેટર, મોબાઈલ, નેટ વગેરે હોય છે. એક બાળક ૩ વર્ષનો હોય, ત્યારથી ટી.વી. જોવાનું શરૂ કરે તો તે ૧૬ વર્ષનો થાય ત્યાં સુધીમાં ૩૩,૦૦૦ ખૂન અને ૭૨,૦૦૦ રેપ્સ જોઈ ચૂક્યો હોય છે. આ બાળક આ બધું જોઈને કેવો થશે ?

**આ દેશમાં મોહન નામનો એક બાળક હતો. એણે એક નાટક જોયું - હરિશ્ચન્દ્ર. એ નાટક જોઈને એ બાળક કટ્ટર સત્યવાદી બની ગયો. દુનિયાભરમાં સત્ય અને અહિંસાની વાતો કરતો થઈ ગયો. હજારો ખૂનો જોતો આજનો બાળક શું બનશે ?**

બ્રિટનના એક થિયેટરમાં શોર્ટ સર્કિટ થયો. આગ લાગી. એક સાથે ૪૦૦ માણસ જીવતા સળગીને ભસ્મીભૂત થઈ ગયા. સ્વિમિંગપૂલમાં છેલ્લી ડૂબકી ને સાઈકલનો છેલ્લો રાઉન્ડ લગાવવા ગયેલ છોકરો રામશરણ થઈ ગયો. મહાબળેશ્વરની હોટલમાં બેઠેલા લોકો પર બહારથી કોઈ બોમ્બ ફેંકી ગયું. છોતરે છોતરા ઉડી ગયા.

યોગસાર કહે છે -

**किं विभुत्वेन किं भोगैः किं सौन्दर्येण किं श्रिया ?**
**किं जीवितेन जीवानां दुःखं चेद् प्रगुण् पुरः ?॥**

ધૂળ પડી એ ઓનરશીપમાં, સત્યાનાશ છે એ ભોગો, એ બ્યુટી કે એ સંપત્તિ કે એ જીવન આ બધું જ વ્યર્થ છે. કે જો આગળ દુઃખના પહાડો જ તૂટી પડવાના હોય.

શું ઝેરી બિસ્કીટની મીઠાશને સુખ કહી શકાય ? સમજી લો કે દુનિયાનું બધું જ entertainment ઝેરી બિસ્કીટ જેવું છે. અબજો ડોલર્સનો વેપાર તમારી સુખ-શાંતિના ભોગે થઈ રહ્યો છે. તમે કોઈ વસ્તુ જોઈ, તેની જીદ પકડી, ઘર આંખુ માથે લીધું, તમે રોયા, રિસાયા, બધાંને અપસેટ કર્યા,

તો ટી.વી. એ તમારું મનોરંજન કર્યુ કે મનોભંજન ? આ દુનિયામાં ફક્ત સ્ટુપિડ લોકો જ ટી.વી. જુએ છે. ડાહ્યા અને શાણા લોકોએ ક્યારનું ય ટી.વી. જોવાનું છોડી દીધું છે.

I ask you one question. તમારે કોકાકોલા પીવું કે ન પીવું એ આમિરખાને નક્કી કરવાનું કે તમારે નક્કી કરવાનું ?

સભા : અમારે !

ના, એ તમારા મા-બાપ અને દેવ-ગુરુએ નક્કી કરવાનું છે.

સભા : મમ્મી-પપ્પા પણ પીતા હોય તો ?

તો, એમને ય અહીં તમારી સાથે લેતા આવજો. એમને ય ટ્રેઈન કરી દઈશુ. દાળ ભેગી ઢોકળી.

Do you know ? પેપ્સી-કોલાની ૭૦ પૈસાની જંતુનાશકોના ઝેરવાળી વાસી પાણીની બોટલ ૧૭ રૂા. માં તમારા માથે મારવામાં આવે છે. તમે એને પસંદ કરો. તેના માટે ચારે બાજુથી તમારા પર જાહેરાતોનો મારો કરવામાં આવે છે. અને તે માટે કરોડો રૂપિયા લગાડી દેવામાં આવે છે. આ રૂપિયા તમારી પાસેથી જ M.R.P. રૂપે વસૂલ કરવામાં આવે છે. **દર વર્ષે કોકાકોલા કંપની ભારતમાંથી ૨૫૦ કરોડ રૂ. નો નેટ પ્રોફિટ લઈ જાય છે. આટલા રૂપિયામાં તો ભારતના ૨ લાખ ગામડા, જેઓ પાણી માટે ટળવળે છે. તેમની વ્યવસ્થા થઈ જાય. એક બાટલી તમે લો છો, ત્યારે તમારા એક ભાઈને તમે તરસે મારો છો.** જે ગામમાં કૂવામાં ઉપર સુધી પાણી છલકાતું હતું. ત્યાં આ લોકોએ પ્લાન્ટ નાંખીને કરોડો લિટર પાણી ખેંચી લીધું. કૂવા-તળાવો ખાલીખમ થઈ ગયા. લોકો ૪-૪ દિવસ સુધી રડમસ ચહેરે ટેન્કરની રાહ જોવા લાગ્યા. એ જ ગામમાં દુકાનોમાં પેપ્સી-કોકાકોલા સુલભ થઈ ગયા. તમારું પાણી એ તમને વેંચે, એ ય ઝેર નાંખીને. એ ય ૧૭ રૂા. માં આ બધાના મૂળમાં છે એન્ટરટેઈનમેન્ટ. તમે માનેલું, તમને સ્ટુપિડ બનાવતું એન્ટરટેઈનમેન્ટ.

હવે મારે તમને એ એન્ટરટેઈનમેન્ટની વાત કરવી છે. જે રિયલ છે. ઓરિજિનલ છે, જેમાં એક્ચ્યુઅલ ફન છે.

**(D) FUN OF THE SERVICE :** છગન-મગન આંબાના ઝાડ નીચે સૂતા છે. ઉપરથી એક કેરી છગનની છાતી પર પડી. કોઈ મુસાફર જતો હતો. એને છગને કહ્યું આ કેરી મારા મોઢામાં નીચોવતો જા. મુસાફરને તો સરપ્રાઈઝ થઈ ગયું. 'અરે, તું આટલો લેઝી છે ?' મગન કે, Really, he is so lazy. કાલે આખી રાત કૂતરાએ મારું મોઢું ચાટ્યું. એને ભગાડવા માટે એને કેટલું કહ્યું તો ય એ એમ ને એમ પડ્યો રહ્યો.

વાત છગન-મગનની નહીં આપણી છે. બપોરે ૧૨ વાગે ઉનાળાની ગરમીમાં પરસેવે રેબઝેબ થઈને ક્રિકેટ તમે રમ્યા છો. સાથળ દુખી જાય ત્યાં સુધી તમે સાયકલિંગ કરી છે. But I ask you, **ઘરે કામવાળી ન આવી હોય, તમને ખબર છે કે આજે મમ્મીને કામ કરવું પડશે, ત્યારે તમે કદી મમ્મીની સેવા માટે શ્રમ લીધો છે ? જો ના, તો fact છે કે Fun of service તમને કદી મળ્યો જ નથી.** મેં એવા છોકરાને જોયો છે, કે જ્યારે કામવાળીએ ખાડો પાડ્યો હોય, ત્યારે એ બાથરૂમને અંદરથી બંધ કરીને વાસણ માંજવા બેસી જાય. મમ્મી બહારથી બૂમાબૂમ કરે, પણ એ કામ પૂરું કર્યા પહેલા અંદરથી ખોલે નહીં.

બૂમાબૂમ તો તમારી મમ્મી પણ ઘણી વાર કરે છે, પણ આ બૂમાબૂમ અને તે બૂમાબૂમમાં ઘણો ફરક છે. મમ્મી તમારા કરતાં ૧-૨ કલાક વહેલા ઉઠીને ઘરનું કેટકેટલું કામ કરે, કચરો વાળે, પાણી ભરે, નાસ્તો બનાવે, રસોઈ કરે, તમને પીરસે અને તમે ? સમયસર જમવા જવાને બદલે ક્રિકેટ રમ્યા કરો ને મમ્મીને બૂમાબૂમ કરવી પડે. આપણે મમ્મીનું કામ વધારવાનું કે ઘટાડવાનું ? **મમ્મીને તપસ્યા કે બીમારી હોય ત્યારે ય મમ્મીને જ રસોઈ કરવી પડે ? તમે ન શીખી શકો ? કાલે ઉઠીને હેડંબા જેવી વાઈફ મળશે તો તમને A to Z હોમ સાયન્સ આવડી જવાનું છે.** I say, **મા-બાપની સેવાના એક પણ અવસરને ફેઈલ નહીં જવા દેતા. મમ્મી નીચે કચરો નાંખવા જાય અને પપ્પા જો રસોડામાં પાણી પીવા જાય, તો આપણા જેવા નાલાયક બીજા કોઈ જ નહીં.** God is unvisible parents-

parents are visible gods. ભગવાન મહાવીરે સ્થાનાંગ આગમમાં કહ્યું છે - **तिण्हं दुप्पडियारे** - તમે ૧૦૦ વર્ષ સુધી A to Z બધી જ સેવા કરો તો પણ મા-બાપના ઉપકારનો બદલો ન વળી શકે.

પુરાણો કહે છે - **पुत्रस्य सुमहत्तीर्थं पितोश्चरणपङ्कजम्** ।

એક દીકરાને માટે મોટું તીર્થ છે. મા-બાપના ચરણકમળ.

**શીખ ધર્મ**માં કહ્યું છે - **नानक माता ति है हरि प्रभु** । મમ્મી પપ્પા એ સાક્ષાત્ ભગવાન છે.

**કુરાન**માં કહ્યું છે - તારું સ્વર્ગ એ તારી માતાના ચરણોની નીચે છે.

**બાઈબલ** કહે છે - તારા મા-બાપની શીખને કદી ભૂલતો નહીં. એ જ તારા માથાનો મુગટ બનશે.

થોડા દિવસ પહેલાની વાત છે. બીમારીમાં પથારી બગાડતી માથી કંટાળીને દીકરાઓ ૫ ગામ દૂર ગાડામાં લઈ જઈને મમ્મીને ઉકરડામાં ફંગોળી. પોલિસે હોસ્પિટલમાં એડમીટ કરી. એ ૭૫ વર્ષના માજીને પૂછ્યું, કયાં ગામના ? દીકરો કોણ ? મા એક શબ્દ બોલવા તૈયાર નથી. મા-બાપની સેવા જેમને Fun લાગતી નથી. એ માણસ નહીં પણ જાનવર છે. જે માએ ૯-૯ મહિના પેટમાં તમારો ભાર ઉચક્યો. નરક જેવા પીડા સહીને તમને જન્મ આપ્યો. ભૂખ્યા રહીને તમને જમાડ્યા. ભીને સૂઈને તમને સૂકે સૂવાડ્યા. તમે માંદા હતા તો રાતે ૨ વાગે તમને તેડીને ડોક્ટર પાસે જવા રસ્તામાં આમથી તેમ ફર્યા. પરસેવાની કમાણી તમારી જરૂરિયાતો ને તમારા શોખો પાછળ લૂંટાવી દીધી. એ મા-બાપને પગે પડવામાં અને તેમની સેવા કરવામાં તમને શરમ આવે ? **કેટલી વાર તમે મમ્મીની સાડ બગાડી છે, ને તમને સાફ કરવા મમ્મીએ કેટલી વાર પોતાના હાથ બગાડ્યા છે. એની તમને ખબર છે ?**

ક્રિકેટ કે વિડિયોગેમ ઓછી રમાશે તો ચાલશે. ટી.વી. કે મોબાઈલના દર્શન નહીં કરો તો ચાલશે. પણ તમારા જીવનમાં કમ સે કમ ૧/૨ કલાક Fun of the service હોવું જોઈએ. તમારે મમ્મી-પપ્પાને કહી દેવાનું કે

તમારે મને ૨૪ કલાકમાં ૧/૨ કલાક તમારી સેવાનો લાભ આપવો પડશે. નહીં તો એના પ્રાયશ્ચિત્ત રૂપે બીજા દિવસે હું આયંબિલ કરીશ.

તમે તમારી બાઈક એમને એમ ફરાવ્યા કરો અને દાદા-દાદીને દેરાસર જવાની તકલીફ હોય, તમારા વયોવૃદ્ધ દાદા-દાદી વ્યાખ્યાનમાં ખુરશી ગોતવા માટે હેરાન થતા હોય. ૩ કલાક તમે સિનેમા જોવા જઈ શકો. પણ દેરાસર-ઉપાશ્રયમાં-સંઘમાં ૧ કલાક સેવા ન આપી શકો, તો સમજી લેજો કે તમે Real fun ને છોડીને ખતરાના રસ્તે આગળ જઈ રહ્યા છે.

**અમારા એવા મહાત્મા હોય છે. ૯૨ મી ઓળી હોય, ૧૨ વાગે તડકામાં ગોચરી જાય. ૧ વાગે આવે. બધાને પીરસે ને ૧.૩૦ વાગે આયંબિલ કરવા બેસે. એમના ચહેરા પર પ્રસન્નતાનો સાગર હિલોળા લેતો હોય. આનંદ-પરમાનંદ થતો હોય. ભૂંડની જેમ હોટલની ડીશ પર તૂટી પડવામાં કે માથું દુઃખાડી દે એવી ફિલ્મ જોવામાં આવો આનંદ મળે ખરો ?** નક્કી કરો, રજાના દિવસે હું મહાત્માને ઘર બતાવવા જઈશ, એમની સાથે સાથે ફરીશ. એમની આગળ આગળ ઘરોને દરવાજા ખોલાવીશ. પછી છેક ઉપાશ્રય સુધી એમને મુકી આવીશ. બધાં મ.સા. ગોચરી વાપરશે એનો લાભ મને મળશે. મારા ભવો ભવના કર્મોના ભુક્કા બોલાઈ જશે. મારા નરકના દરવાજા બંધ થઈ જશે. મારા સ્વર્ગ અને મોક્ષના સુખ રિઝર્વ્ડ થઈ જશે. Yes this is the fun of the service. enjoy it. મમ્મી-પપ્પા, વડીલો, દેવ-ગુરુ-સંઘ-આની સેવામાં જે આનંદ છે, એ દુનિયાની બીજી કોઈ વસ્તુમાં નથી.

**(E) FUN OF THE SPIRIT :-** દરબારો અને સુથારોના ઝગડામાં સુથારો લડવા માટે નીકળ્યા. રાતવાસામાં છેલ્લા જણને થયું - એટેક થયો, તો હું મરી જઈશ. એ છેક પેલા છેડે આવી સૂઈ ગયો. હવે ત્યાં જે છેલ્લે હતો તેને વિચાર આવ્યો. આ જ રસ્તે આવશે, હું પહેલો... એ રસ્તાની શરૂઆતમાં આવી સૂઈ ગયો. આખી રાત આમ ચાલ્યું, સવારે બધાં પોતાને ગામ પાછા આવી ગયા હતા. પોતપોતાના ઘરે જતાં રહ્યા.

Fun કદી Fear **માં નથી,** spirit **માં** છે.

વાસણાના આગમે ૪ વર્ષે અટ્ઠાઈ કરી. ૫ વર્ષે ૯ ઉપવાસ, ૬ વર્ષે સિદ્ધિતપ, ૭ વર્ષે ઉપધાન કર્યા. The fun of the spirit.

**એક બાળમુનિએ એક દિવસમાં ૨૩૦ ગાથા ગોખી. તમે પણ કરી શકો છો. ૧૦૦-૨૦૦-૩૦૦-૩૫૦ ગાથા, Destiny is not matter of chance, but is matter of choice.**

ભગવાન મહાવીર કહે છે - **परक्कमिज्जा तवसंजमम्मि** - તુ જબરદસ્ત પરાક્રમ કર - તપ સંયમમાં તારી બધી જ શક્તિ લગાડી દે. **कसेहि अप्पाणं** તારા શરીરના કણ કણને સાધનામાં લગાડી દે. આજે એવા છોકરાઓ છે, જેઓ રોજ ૫૦-૫૦ ગાથા ગોખે છે. આજે એવા છોકરાઓ છે જેઓ મહાત્માની રક્ષા માટે મોટા મોટા વિહારો કરે છે. આજે એવા છોકરાઓ છે જેઓ સંઘના કાર્યો માટે ઉછળતા ઉલ્લાસે દોડાદોડ કરે છે. **આ જીવન ગંધાતી ગટર જેવા સંસારમાં વેડફી નાખવા માટે નથી, આ જીવન દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાથી આત્માને સુખી કરવા માટે છે. અને આ આત્મિક સુખ એ જ Last fun છે.**

**(F) FUN OF THE SUPREME :- આત્માનો આનંદ**

બાબાજી એક પોતડીથી પરિગ્રહની શરૂઆત કરીને ખેતર સુધી પહોંચ્યા, દુઃખી દુઃખી થઈ ગયાં. દુનિયાની કોઈ વસ્તુમાં તાકાત નથી કે તમને સુખી કરી શકે. પૈસા, સત્તા, રૂપ, સ્વજન, ડિગ્રી.... સાચું સુખ તો ભીતરમાં છે. **જીવાભિગમ આગમ**માં કહ્યું છે.

**सुरगणसुहं समग्गं सव्वद्धापिंडियं जइ हवेज्जा ।**
**ण वि पावइ मुत्तिसुहंऽणंताहिं वि वग्गवग्गूहिं ॥**

દેવોના સમગ્ર સુખને સર્વ કાળના સમયોથી ગુણવામાં આવે અને તેના અનંત-અનંત વર્ગ (સ્ક્વેર) કરવામાં આવે, તો પણ તે મોક્ષના સુખને આંબી શકતું નથી. **ઈન્દ્રિયપરાજયશતક** કહે છે -

**ज लहइ वीयारगो सुक्खं तं मुणइ सुच्चिय न हु अन्नो ।**
**न हि गतासूअरओ जाणइ सुरलोइयं सुक्खं ॥**

વીતરાગ જે સુખને પામે છે, તેને તેઓ જ સમજી શકે - ગટરનો ભૂંડ દેવલોકના સુખને શી રીતે સમજી શકે ?

આખી દુનિયા જીવનભર બહાર ભટક્યા કરે છે, હોટલ-થિયેટર-મોલ-હીલસ્ટેશન-પાર્ક-વોટર પાર્ક-ફેર-પ્લે ગ્રાઉંડ, ને છતાં આખી દુનિયા સરેરાશ દુઃખી દુઃખી છે. એ જ પ્રુવ કરે છે કે સુખ બહાર છે જ નહીં. સુખ તો Supreme માં છે. Supreme છે. Soul. એ શાશ્વત છે. અને પરમાનંદમય છે. **આ જીવનને food-dress-entertainment જેવી ફાલતું ચીજોથી બચાવીને service-spirit-supreme ના super fun માં મસ્ત કરી દો. એ જ આ જીવનની સફળતા છે. Wish you all the best.**

* * * * *

## ૨ *The Fantastic Freedom*-સર્વોત્કૃષ્ટ સ્વાતન્ત્ર્ય

સ્કુલમાં એક છોકરાને ટિચરે ઉભો કર્યો, બોલ, ગાંધીજીની મહેનત રંગ લાવી એના લીધે 15th August ના દિવસે આપણને શું મળ્યું ? છોકરાએ તરત જવાબ આપ્યો - Holiday.

This is the fact. હકીકતમાં આ દેશ આઝાદી પછી વધુ દુઃખી થયો છે. ૧૯૪૭ માં ૧ રૂાં. = ૧ ડોલર હતો. આજે ? ૧૯૪૭ માં આ દેશ પર ૧ રૂા. નું પણ દેવું ન હતું. આજે ? Let me say, આ દેશ આજે ય ગુલામ છે, ના, બલ્કે, ગુલામથી ય બદતર છે. **ધારો કે આ દેશ ખરેખર આઝાદ થઈ જાય, તો ય આપણે તો ગુલામ જ રહીશું. કારણ કે ખરું બંધન તો ભીતરનું છે. આજે તમને ૩ ભીતરી આઝાદીની વાત કરવી છે. જેનાથી આપણે ખરેખર free થઈ જઈશું.**

### (A) BE BATTLEFREE :-

છગન અને મગન ભેગા થયા. છગન કહે ત્રીજા વિશ્વયુદ્ધમાં શસ્ત્ર તરીકે શેનો ઉપયોગ થશે ? અણુબોમ્બ ? પરમાણુબોમ્બ ? હાઈડ્રોજન બોમ્બ ?' મગને ઠાવકા મોઢે જવાબ આપ્યો, એ તો ખબર નથી, પણ ચોથા વિશ્વયુદ્ધમાં શેનો ઉપયોગ થશે, એ ખબર છે. 'શેનો થશે ?' 'પથરાઓનો.'

**બાહુ પર આ વિજયનો તામ્રપત્ર ક્યાં લગાડશો ? ।**
**જીતો જો યુદ્ધ હાથ ગુમાવાયો હોય છે ।।**

યુદ્ધ કદી પણ સારું હોતું નથી. બોંબથી પણ નહીં. બંદૂકથી પણ નહીં, પથ્થરથી પણ નહીં, અને ફૂલોથી પણ નહીં. **નીતિશાસ્ત્ર**માં કહ્યું છે -

**पुष्पैरपि युद्धं नीतिविदो नेच्छन्ति ।**
**ફૂલોથી પણ યુદ્ધ કરવું ઈચ્છનીય નથી.**

યુદ્ધ ફક્ત ભારત-પાકિસ્તાન બોર્ડર પર જ થાય. એવું નથી. યુદ્ધ સીટીમાં પણ થઈ શકે. રસ્તા પર પણ થઈ શકે, સ્કુલ કે પ્લે ગ્રાઉન્ડમાં પણ થઈ શકે અને ઘરમાં પણ થઈ શકે.

છગનનો છોકરો સ્કુલમાં મોડો પહોંચ્યો. ટિચરે ખૂબ ઠપકો આપ્યો, અને મોડા આવવાનું કારણ પૂછ્યું, એ કહે 'મારા મમ્મી-પપ્પાની ફાઈટીંગ ચાલતી હતી, 'એમાં તું કેમ મોડો આવ્યો ?' મારા જ બૂટથી લડતા હતા.'

પહેલા માણસના મનમાં યુદ્ધ થાય છે, પછી વાગ્યુદ્ધ થાય છે, પછી અશ્રુયુદ્ધ કે શસ્ત્રયુદ્ધ થાય છે. વિશ્વયુદ્ધ વખતે એક બાળકે હિટલરને પત્ર લખ્યો હતો. 'તમારે શા માટે લડવું છે ? ઈંગ્લેંન્ડમાં ૧૨ માળના મકાન છે અને તમારે ત્યાં ૨-૪ માળના એટલે ? પણ અમારે તો મકાન જ નથી. એક ભાંગેલી ઝૂંપડીમાં અમે રહીએ છીએ ને એ ય ચોમાસામાં ટપકતી હોય છે. **ઈંગ્લેંન્ડમાં સોનાની ચમચી, તમારી પાસે ચાંદીની, એટલે યુદ્ધ કરવું છે ? અમારી પાસે તો ચમચી જ નથી, ને ખાવાના ય અમારે તો વાંધા હોય છે.**

My dears, નવા lighting shoes ની Add તમે જોઈ હોય, ત્યારે તમે પપ્પા પાસે જીદ પકડી હશે. મારે એ જોઈએ. પપ્પા તમને સમજાવે છે, કે બેટા, તારી પાસે બે જોડી ચપ્પલ છે. બે જોડી શુઝ છે, એક જોડી સ્લીપર છે, તો પછી તારે બીજા શુઝની શું જરૂર છે ? પણ આપણે નથી સમજી શકતા, આપણે કકરાટ કરીએ છીએ. જીદ કરીએ છીએ. હું કહું છું. હવેથી જીદ નહીં કરતા. **તમારી પાસે ભલે લાઈટીંગ શુઝ નથી. શુઝ તો છે ને ? આ દુનિયામાં કરોડો છોકરા એવા છે, કે જેમની પાસે શુઝ જ નથી. આ દુનિયામાં કરોડો છોકરા એવા છે, જેમની પાસ ચપ્પલ કે સ્લીપર પણ નથી. તેઓ ખુલ્લા પગે ફરે છે, ને આ દુનિયામાં લાખો છોકરા એવા છે, જેમની પાસે પગ જ નથી. યા તેમનો એકસીડન્ટ થયો છે. યા કોઈ ફેક્ટરીના મશીનમાં તેમનો પગ કપાઈ ગયો છે, યા તેમને પોલિયો થયો છે. જીવનમાં જેઓ કદી પણ ક્રિકેટ કે ફુટબોલ રમી શકે તેમ નથી. તેમના દુઃખનો - તેમની વેદનાનો વિચાર કરો.**

Be battle free, તમારી ઈચ્છાઓને શોખો માટે લડવાનું છોડી દો અને બીજાના દુઃખો પર રડવાનું શરૂ કરી દો. દિવાળી આવે ને મમ્મી કહે, 'ચાલ બેટા તારા માટે નવો ડ્રેસ લેવા જઈએ.' તમે મમ્મીને કહી

દેજો, 'મમ્મી, મારી પાસે તો ૧૫-૨૦ ડ્રેસ છે. મારે નવો ડ્રેસ નથી જોઈતો. આ દિવાળી આપણે ડિફ્રન્ટ રીતે સેલિબ્રેટ કરવી છે. મમ્મી - મારી પાસે મારી જરૂર કરતાં જે વધારાના ડ્રેસ છે તેની મારે ચેરિટિ કરવી છે. તમને ભીતરમાં આ ભાવ જાગે, તો હું તમને આઝાદ કહેવા તૈયાર છું. Be battle free.

યુદ્ધના મૂળમાં અભિપ્રાય હોય છે. એ બૂટ સારા છે. આપણે આપણો ઉપલો માળ હંમેશા ભાડે આપ્યો હોયછે. એડવર્ટાઈઝીંગનો ધંધો એ આખી દુનિયાને ઉલ્લુ બનાવવાનો ધંધો છે. જે બૂટ માટે તમે આખું ઘર માથે લીધું ને આખા ઘરને અપસેટ કરી દીધું. એ જ બૂટ માટે કાલે ઉઠીને સાયન્સ કહે કે પગના આ ભાગે બેટરી હોય તો કેન્સર થાય. ત્યારે તમે શું કરશો ? આપણો અભિપ્રાય સાચો જ છે- એમ માની લેવાની ભૂલ કદી કરતા નહી. કારણ કે આપણે ભગવાન નથી.

છગન બાળપણમાં પહેલવહેલી વાર વિમાનમાં બેઠો. ધમાલ મચાવી. એંજિન ચાલુ થતાં આંખો મીચી દીધી. ધીમેથી આંખો ખોલીને કાકાને કહ્યું, નીચે જુઓ હવે માણસો મકોડા જેવા લાગે છે. કાકા કહે, ચૂપ બેસ, એ મકોડા જ છે. આપણે હજી નીચે જ છીએ.

**અભિપ્રાયથી અપેક્ષા જાગે છે. અપેક્ષાથી આગ્રહ થાય છે. અને આગ્રહથી આક્રમણ થાય છે.** I know you have arguements. એ આમ કરતે તો હું શું કહું ? ઝગડું જ ને ?

My dears ! માણસ કદી કોઈ વસ્તુ, વ્યક્તિ કે ઘટનાથી દુઃખી નથી થતો, પોતાના અભિપ્રાયથી દુઃખી થતો હોય છે. ભગવાન મહાવીરસ્વામી સાથે બધાંએ સારો વ્યવહાર કર્યો હતો ? હાલી-મવાલી જેવા માણસો ભગવાનને ઘાયલ કરી ગયા હતા. અનાર્યોએ ગાળોનો અને લાકડીઓનો વરસાદ વરસાવ્યો હતો. **શૂલપાણિ અને સંગમ જેવાએ ભગવાન પર ભયંકર ત્રાસ ગુજાર્યો હતો. તો ય પ્રભુ લડ્યા-ઝગડ્યા ન હતા. દેવતાઓ વંદન કરે કે અનાર્યો નિકંદન કરે, એ બંને ભગવાન માટે સરખું હતું. કારણ કે એકે ય માટે ભગવાનને કોઈ અભિપ્રાય ન હતો.** પરમ પાવન શ્રી

આચારાંગસૂત્રમાં ભગવાનની આ દશા એક જ શબ્દમાં કહી દીધી છે.

**अप्पइण्णो**

**અપ્રતિજ્ઞ.**

નેતાજી સુભાષચંદ્ર બોઝ ભાષણ કરતા હતાં. ત્યાં કોઈએ એમના પર એક ચંપલ ફેંક્યુ. બધાં સ્તબ્ધ થઈ ગયા. સુભાષચંદ્રે હસીને કહ્યું, Once more, મારે pair થઈ જાય. Just smile, take it easy, enjoy battle free life, તમે જો હસતા રહી શકો, તો દુનિયામાં કોઈની તાકાત નથી, કે તમને રડાવી શકે. તમને જો સુખી રહેતા આવડે, તો તમને કોઈ જ દુઃખી કરી શકે તેમ નથી.

છગન રસ્તા પરથી જતો'તો. ઉપરથી કોઈએ ઈંટ ફેકી, છગન ગુસ્સે થઈ ગયો. ધૂંધવાતો ઈંટ લઈને ઉપર ગયો. મારું માથું જરાકમાં બચી ગયું. પણ એનું માથું ફોડી જ નાખીશ. ડોર બેલ વગાડી. ૧૫૦ કિલોવાળા પહેલવાને ડોર ખોલ્યો. ક્યાં હૈ રે ?' છગનના તો પગ ધ્રુજવા લાગ્યા. એ ત-ત, ફ-ફ કરવા લાગ્યો. 'ક્યોં આયા બોલ ?' છગનને આખા શરીરે પરસેવો છૂટી ગયો. 'યે..યે.. 'ક્યા યે યે ?' 'યે આપકી ઈંટ નીચે ગિર ગઈ થી ન, વો દેને કો આયા.'

**Be battle free. ઓરિસ્સાના ગરીબો જાજરૂમાંથી અનાજના દાણા વીણે છે. ભિખારીઓ નવજાત બાળકના હાથ-પગ કાપી નાંખે છે. દવાના અભાવે લાખો દર્દીઓ મરી જાય છે. આપણે શું ખોટ છે ? શેના માટે ઝગડવું ? કર્મસત્તા તો એ પહેલવાન કરતાં પણ ખતરનાક છે, એને જીતવાનો એક જ ઉપાય છે. સહનશીલતા. એ જીતાઈ જાય, તો આપણે આઝાદ.**

**(B) BE CATTLEFREE :**

કેટલ એટલે પશુ. ભીતરના પશુથી આપણે જ્યાં સુધી મુક્ત ન બનીએ, ત્યાં સુધી આપણે સાચા માનવ નહી બની શકીએ. Let's examine ourselves who are we.

એક પ્રાણીબાગમાં ગોરીલા વાંદરાની જગ્યાએ મહોરાવાળા માણસને

ભરતી કરાયો. એક વાર ઉછળકૂદ કરતાં તે બાજુના પાંજરામાં પડ્યો. ત્યાં સિંહ હતો. એણે ચીસાચીસ કરી મૂકી. બચાવો બચાવો. સિંહ છલાંગ મારીને એની પાસે આવ્યો, ને કહ્યું, હું ય તારા જેવો જ છું. શાંતિ રાખ નહીં તો બેઉની નોકરી જશે.

પેલો તો ચકિત થઈ ગયો. પછી એણે તપાસ કરી. વાઘના પાંજરામાં, વરૂના પાંજરામાં, શિયાળના પાંજરામાં, ચિત્તાના પાંજરામાં.. બહારથી તેઓના અલગ અલગ મહોરા, અંદર માણસ.

**આપણે બહારથી માણસનું મહોરું લઈને બેઠા છીએ. અંદર કોણ છીએ ? બહુ ગુસ્સો આવતો હોય, તો વાઘ છીએ. કોઈને કરડી ખાતા હોઈએ તો વરૂ છીએ. બહુ લુચ્ચાઈ કરતા હોઈએ તો શિયાળ છીએ. આંખમાંથી આગ વરસાવતા હોઈએ તો ચિત્તા છીએ. કોઈનું કાઈ ઝૂંટવી લેતા હોઈએ, તો વાંદરા છીએ. શાસ્ત્ર કહે છે –**

प्रत्यहं प्रत्यवेक्षेत नरश्चरितमात्मनः ।
किन्नु मे पशुभिस्तुल्यं किन्नु सत्पुरुषैरिव ? ॥

માનવે પ્રતિદિન પોતાના આચરણનું નિરીક્ષણ કરવું જોઈએ કે મારામાં પશુઓ જેવું શું છે અને સત્પુરુષો જેવું શું છે ?

**ડગલે ને પગલે જેને માત્ર જાતનો વિચાર આવે, તે પશુ અને જેને જગતનો પણ વિચાર આવે તે માનવ.** શેઠે ભિખારીને કશું ન આપ્યું. છેવટે તેણે પાણી માંગ્યું. તો કહ્યું, હમણાં માણસ આવે એ આપશે. રાહ જોઈને ભિખારી થાક્યો. બોલ્યો – માણસ ન આવે ત્યાં સુધી તમે જ માણસ થઈ જાઓ ને ?

**જિંદગી એની જિંદગી ને પ્યાર એનો પ્યાર છે**
**ઈન્સાનિયતના દર્દમાં જેનું હૃદય ખુવાર છે.**

મુંબઈ-વરલીમાં સપ્ટેમ્બર-૧૯૯૯ માં એક યુવાન બસ એક્સીડન્ટમાં ઓફ થઈ ગયો. પત્ની વિધવા થઈ, બાળકો અનાથ થયા. સ્મશાનયાત્રા બાદ સાંજે કંઈક ધર્મ કરવાનો વિચાર આવ્યો. ડ્રાઈવરના પરિવારની ચિંતા

થઈ. કદાચ અમારા સ્વજની ભૂલથી જ અકસ્માત થયો હોય. એમ વિનંતિ પત્ર લખીને પોલીસ પાસેથી ડ્રાઈવરને છોડાવ્યો. ડ્રાઈવરને છૂટો કરવા કાગળિયા બેસ્ટ-બસવાળાએ તૈયાર કરેલ. તે કેન્સલ કરાવ્યા. બેસ્ટ પાસેથી મળતું વળતર જતું કર્યું. ડ્રાઈવરના પરિવારને એ દિવસે ભગવાનના દર્શન થયા.

**ભસવાનું અને કરડી ખાવાનું કામ તો એક કૂતરો પણ કરી શકે છે. ભૂંકવાનું અને લાતો મારવાનું કામ તો એક ગધેડો પણ કરી શકે છે. આપણે માણસ છીએ. આપણા માટે આ બધું શોભાસ્પદ નથી.**

**માણસની માણસાઈ તો એમાં જ છે**
**જીવન બગાડે એની જિંદગી તું બનાવી જા.**

છગન તળાવને કાંઠે બેઠેલો. કોઈ માણસ ડુબતો ડુબતો બૂમો પાડતો હતો. બચાવો બચાવો. જોગાનુજોગ એ જ સમયે રોડ પરથી મગન પસાર થયો. એણે આ દૃશ્ય જોયું. છગનને કહ્યું, જો અહીં બોર્ડ છે. ડુબતાને બચાવે એને ૫૦૦ રૂા. ઈનામ. જલ્દી, એને બચાવી લે. તને ૫૦૦ રૂા. મળી જશે. છગને શાંતિથી બેઠા બેઠા જવાબ આપ્યો, ઉતાવળ કરવામાં સાર નથી. જો એ બોર્ડની પાછળ લખ્યું છે, તળાવમાંથી મડદું કાઢી આપે, એને ૧૦૦૦ રૂા. નું ઈનામ.

તમારા બધાંના કોઈ ને કોઈ એમ્બીશન્સ હશે. ડો. વકીલ, એન્જિનિયર, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ એવું કાંઈને કાંઈ તમારે બનવું હશે. But I say, તમારું first ambition માનવ થવાનું બનાવજો. નક્કી કરજો કે જીવનમાં પૈસા ઓછા મળશે તો ચાલશે. મારુતિ કે મર્સિડીસ નહીં મળે તો ચાલશે. ડ્યુપ્લેક્સ ફ્લેટ કે બંગલો નહીં મળે તો ચાલશે. પણ જીવનમાં કદી ખોટું કામ નહીં કરીએ, કોઈની કબર ઉપર પોતાનો મહેલ ચણવાનું પાપ નહીં કરીએ.

**My dears, you are man, not a cattle, માનવમાંથી મહામાનવ બનવા માટે આ ચાન્સ આપણને મળ્યો છે. એમાં આપણે જાનવર થવાના ધંધા કરશું ? Be cattle free. ક્રોધ-કામ-લોભ-અહં-ઈર્ષ્યા આ બધાં ભીતરના પશુઓ છે. એમનાથી મુક્ત થઈએ તો માનવતાની મહેંક પ્રસરી જશે. આ જીવનનો ખરો આનંદ. ખરું fun આમાં છે.**

**(C) BE FATELFREE :**

Fatel એટલે હિંસક – અંદરની હિંસક વૃત્તિથી આપણે મુક્ત થવાનું છે.

આપણા એક મહાત્મા થઈ ગયા ધર્મરૂચિ અણગાર. ૩૦ ઉપવાસના પારણે એ ગોચરી ગયા હતાં. કડવું તુંબડું મળ્યું. ગુરુએ કહ્યું આ શાક ઝેરી થઈ ગયું છે. જંગલમાં પરઠવી આવો. તહત્તિ કરીને મહાત્મા ગયા. જંગલમાં પરઠવાની તૈયારીમાં છે. ત્યાં તો એક ટીપું પડ્યું. ૫-૨૫ કીડીઓ આવી ચડી. ટીપાને ઘેરીને ઊભી રહી અને મરી ગઈ. મહાત્માનું અંતર કરુણાથી દ્રવી ગયું. તેમની પાસે ૨ પર્યાય હતા. યા બધું શાક ત્યાં પરઠવીને સેંકડો હજારો જીવોની હિંસા વહોરી લેવી, અને યા...

**I ask you, બીજો Option શું હશે ? તમારી પાસે ડગલે ને પગલે આવા Options આવતા હોય છે. 5 min. નું distance હોય, ત્યારે તમે સાઈકલ કે બાઈકથી પણ જઈ શકો છો અને જીવદયાપૂર્વક ચાલી પણ જઈ શકો છો. મચ્છરોથી બચવા તમે મચ્છરદાની પણ વાપરી શકો છો અને વાયુકાયનો કચ્ચરઘાણ વાળતો પંખો ય ફરાવી શકો છો. એક વાટકી જેટલા પાણીથી ય હાથ ધોઈ શકો છો ને બેદરકારીથી બાલ્દીની બાલ્દીઓ પણ વહાવી શકો છો. બગીચામાં way પર પણ ચાલી શકો છો અને ઘાસમાં આળોટી પણ શકો છો. I ask you, what will you do ?**

આચારાંગ આગમમાં ભગવાન સુધર્માસ્વામી કહે છે –

एस खलु मोहे

एस खलु मारे

एस खलु णरए

**હિંસા એ જ અજ્ઞાન છે.**

**હિંસા એ મૃત્યુ છે.**

**હિંસા એ જ નરક છે.**

છગન દોડતો દોડતો મગન પાસે આવ્યો. તારા ખેતરમાં લાશ પડી

છે, બિલ્કુલ તારા જેવી જ છે. મગન ચોંક્યો, તો તો મારી જ લાશ હશે. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

મગન સ્ટુપિડ છે. કોઈના મરવાથી હું મરતો નથી, એવી એને ખબર નથી. પણ સુધર્માસ્વામી આપણને એક અદ્ભુત વાત કહે છે - કોઈને મારવાથી તું ખુદ મરીશ એ નિશ્ચિત છે.

**तुमं सि णाम स च्चेव जं हंतव्वं ति मन्नसि ।**

**તું જેને મારવા ઈચ્છે છે, એ હકીકતમાં તું પોતે જ છે.**

ઉપદેશમાલામાં ધર્મદાસગણિ મહારાજા કહે છે -

**सव्वजहन्नो उदओ दसगुणिओ इक्कसि कयाणं ।**

તમે કોઈને એક વાર મારો એનાથી તમારા minimum ૧૦ મોત નિશ્ચિત થઈ જાય છે.

Please be fatel free. આપણને માથું દુઃખે, તો ય બેર થતું નથી, તો એ જીવોનો જાન જતો હશે ત્યારે, તેમને કેવી વેદના થતી હશે ? નાદિરશાહે દિલ્હીના વિજયપ્રવેશમાં ૩૦૦૦ બાળકોના માથા કાપીને તોરણો કરાવ્યા હતા. મિહિરકુલ રાજાએ પોતાની તુચ્છ મોજ ખાતર સંખ્યાબંધ હાથીઓને ખીણમાં ગબડાવી દીધા હતાં. ચાઈનીઝો ચાર પગવાળા જે પણ હોય, તે ખુરશી-ટેબલ સિવાય બધું જ ખાય છે. દેવનાર ને અલકબીરના કતલખાનાઓ કે ઓસ્ટ્રેલિયાના લાલઘૂમ દરિયા કિનારાઓ જોઈ લો તો તમે ખાઈ કે સૂઈ ન શકો. **આખી દુનિયામાં આજે હિંસાનું ભયાનક તાંડવ મચ્યું છે. આપણે અહિંસાની શ્વેત ધજા દુનિયાભરમાં લહેરાવવી છે, આપણે દુનિયાભરમાં અભયદાનની ઘોષણા કરવી છે. આપણે તો કસાઈઓના હાથમાં છરાની બદલે ચરવળો પકડાવવો છે, પણ આ બધાંની શરૂઆત આપણે પોતાનાથી કરવાની છે.** Be fatalfree.

સ્વામી વિવેકાંદ શિકાગોની કતલખાનાની મુલાકાતે ગયા હતાં. એક મશીન પાસે ઉભા રહ્યાં. એક ભેંસ એમાં દાખલ કરાવાઈ. બીજા છેડેથી ૧૪ પેકેટો નીકળ્યા. સ્વામીજીનો અભિપ્રાય માંગવામાં આવ્યો. એમની

આંખોમાં આંસુ ધસી આવ્યા. એમણે ભાવાવેશમાં આવીને કહ્યું કે તમારા જોર જુલમથી એક ભેંસ પર તમે અત્યાચાર કર્યો અને ૧૪ પેકેટ્સ બનાવ્યા, એમાં હું તમારી શું પ્રશંસા કરું ? આ ૧૪ પેકેટમાંથી ફરી એ ભેંસ બનાવી દો, તો તમારી પ્રશંસા કરું ? ઓ નરાધમો ! તમારી પાસે કદાચ હાથીને ય મારવાના શસ્ત્રો હશે, પણ અમારી પાસે કીડીને ય બચાવવાના શસ્ત્રો છે.

પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર કહે છે –

**सव्वे जीवा वि इच्छंति, जीविउं ण मरिज्जिउं ।**
**तम्हा पाणिवहं घोरं, णिग्गंथा वज्जयंति णं ॥**

સર્વ જીવો જીવવા જ ઈચ્છે છે, મરવા માટે નહીં, માટે જીવહત્યા એ ભયાનક છે, નિર્ગ્રંથો તેનો ત્યાગ કરે છે.

ધર્મરુચિ અણગારે બીજો ઓપ્શન લીધો, ના, તેમનો તો એ એકનો એક જ ઓપ્શન હતો. દુનિયા કહે છે જીવો અને જીવવા દો– આ મહાવીરનો સિદ્ધાંત છે, દુનિયાને ખબર નથી કે મહાવીરની ભૂમિકા શું છે ? મહાવીર તો કહે છે કે જરૂર પડે તો પોતે મરીને પણ બીજાને જીવાડો. ધર્મરુચિ અણગારે આ વિકલ્પ અપનાવ્યો. એ ઝેરી શાક પોતે વાપરી ગયા. થોડી જ વારમાં પ્રાણ છોડી દીધાં.

My dears ! આપણે એ ચાઉ એન લાઈના વારસદાર નથી જેણે પોતાના વિરોધીના ઘરના બધા સભ્યોના ટુકડે ટુકડા કરાવી દીધા. આપણે એ નાદિરશાહ કે મિહિરકુલના પણ વારસદાર નથી. આપણે વારસદાર છીએ એ ધર્મરુચિ અણગારના, જેમણે કીડીઓની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધાં. **આપણે વારસદાર છીએ મેતારજ મુનિના, જેમણે ક્રૌંચ પક્ષીને બચાવવા માટે પ્રાણોને ન્યોછાવર કરી દીધાં. આપણે વારસદાર છીએ એ મેઘરથ રાજાના, જેમણે એક કબૂતરને બચાવવા માટે પોતાના જાનની બાજી લગાવી દીધી.**

सव्वभूयदयट्ठाए पावयणं भगवया सुकहियं

પ્રભુએ જિનશાસનનું આ જ ધ્યેય કહ્યું છે – સર્વજીવદયા.

લગભગ ૧૦૦૦ વર્ષ પહેલા આપણા એક આચાર્ય થઈ ગયા. નામ હતું વાદિદેવસૂરિજી. ઉત્તર ગુજરાતમાં થરાદથી વિહાર કર્યો. શિષ્યો સમુદાય અને થોડા લોકો સાથે હતાં. રસ્તામાં જંગલમાં સિંહ સામે આવ્યો. બધાં ગભરાયા, પણ સૂરિજી નિર્ભય ઉભા રહ્યા. સિંહ નજીક આવ્યો. ૩ વાર પ્રણામ કરીને પાછો જતો રહ્યો. ત્યાં પાસેના ગામને લોકોએ આ ઘટના પરથી ભયરોલ નામ આપ્યું, જે આજનું ભારોલ છે. યોગસૂત્ર કહે છે -

**अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः**

અહિંસાની પ્રતિષ્ઠા થાય એટલે તે વ્યક્તિના સાન્નિધ્યમાં બધાં જ વેરઝેર શમી જાય છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે -

**अहिंसा दुःखदावाग्नि - प्रावृषेण्यधनावलिः ।**
**भवभ्रमिरुगार्त्ताना - महिंसा परमौषधिः ॥**

અહિંસા એ દુઃખના દાવાનળ પર વરસાદી વાદળોની હારમાળા છે ભવભ્રમણના રોગથી દુઃખી થયેલા જીવો માટે અહિંસા એ એક પરમ ઔષધિ છે.

**दीर्घमायुः परं रूप- मारोग्य श्लाधनीयत्ता ।**
**अहिंसायाः फलं सर्वं-किमन्यत् कामदैव सा ॥**

દીર્ઘ આયુષ્ય, પરમ રૂપ, આરોગ્ય, પ્રશસ્યતા- આ બધું જ અહિંસાનું ફળ છે, અહિંસા એ સાક્ષાત્ કામધેનું જ છે.

**Be fatelfree, This is the real freedom. This is the heaven on earth. કેન્સરની હોસ્પિટલમાં ચીસાચીસ કરતા કરતા મરી જવું, એના કરતાં અહિંસા એ લાખ ગણી બહેતર છે. અકસ્માતમાં શરીરના ફુરચે ફુરચા ઉડી જાય, એના કરતા જીવદયા પાળવી શું ખોટી ? મોંઘવારીમાં બે પગ ભેગા કરવા માટે આખી જિંદગી વેડફી દેવી એના કરતાં fatelfree થઈને Real free life ને enjoy કરવી, એ જ સારું નથી ?**

Be free. ત્રણે રીતે free, freedom જેવી મજા દુનિયામાં બીજે ક્યાંય નથી. Yes, this is supreme fun. Try for it. Wish you all the best.

✻ ✻ ✻ ✻ ✻

૩

# *The Wonderfull Life Style*

## જિંદાદિલીનું જીવન

ધબાક દઈને છગન સાઈકલ પરથી પડી ગયો. ધડાકો સાંભળીને લોકો ભેગા થઈ ગયા. શું થયું ? શું થયું ? લોકોએ છગનને પૂછ્યું. છગન શાંતિથી ઉભો થઈને બોલ્યો, કેમ ? શું થયું ? લોકોને ખૂબ આશ્ચર્ય થયું.. ભલા માણસ, તું આવી રીતે પડી ગયો, એટલે અમે તને ઉભો કરવા આવ્યા. ને તું કહે છે શું થયું ? છગન કહે. 'હું કાંઈ પડી ન'તો ગયો.' 'તો ?' 'આ તો મારી ઉતરવાની સ્ટાઈલ છે.'

Yes this happens. **કેટલાંક માણસોની સ્ટાઈલ જ હોરિબલ હોય છે. આજે તમને એવી લાઈફ સ્ટાઈલની વાત કરવી છે, જેનાથી તમારું જીવન પણ સ્વર્ગ બની જશે અને તમારી આજુ-બાજુના લોકોનું જીવન પણ સ્વર્ગ બની જશે.** Only three points **ને એમાં આ** wonderfull life style **આવી જશે.**

**(i) Sweeten your hearts :** તમારા હૃદયને માધુર્યથી ભરી દો. જે મજા સાકર કે શેરડીમાં નથી, જે મજા પીપર કે ચોકલેટમાં નથી. જે મજા મિઠાઈ કે આઈસ્ક્રીમમાં નથી, એ મજા heart ની sweetness માં છે. આજે દુનિયા મિઠાઈ ખા ખા કરવા છતાં પણ સુખી નથી. કારણ કે એના હૃદયમાં કડવાશ ભરેલી છે. કીડી વિષ્ટાનો કણ લઈને બગીચામાં ગઈ તો ય એને સુવાસ ન મળી, એના ભાગે દુર્ગંધ જ આવી. બગીચાની સખી એને સુવાસ ન અપાવી શકી. **જેના હૃદયમાં મીઠાશ નથી, એનું મિત્ર પણ ભલું કરી શકતો નથી. જેના હૃદયમાં કડવાશ નથી, એનું શત્રુ પણ બુરૂ કરી શકતો નથી.** રતિભાઈ એ ઘોડાઓનો જાન બચાવવા પોતાના જીવનું જોખમ લીધું. પોતાને દુઃખી કરનાર અમલદારોનો પણ જીવ બચાવ્યો અને તેમના ય હૃદયમાં વસી ગયા. **મારામારી તો ગુંડો કે ગધેડો ય કરી શકે, દુશ્મનને મારવામાં આપણી મહાનતા નથી, એનું ય દિલજીતી લેવામાં મહાનતા છે.**

**न धरा सुधी न गगन सुधी, न उन्नति के पतन सुधी ।**
**अहीं आपणे तो जवुं हतुं, बस, एकमेकना मन सुधी ॥**

ચિંટુ-પિંટુ ભયંકર ઝગડો કરતા હતા. પપ્પા કંટાળીને બોલ્યા, તમારો કદી મનમેળ થતો જ નથી. ચિંટુ - ના પપ્પા, અમારો હંમેશા મનમેળ થાય છે. ભાઈને પણ મોટું સફરજન જોઈએ છે, અને મને પણ.

આવા મનમેળનો કોઈ અર્થ નથી. રતિભાઈએ માછીમારી અટકાવવાના પ્રયાસમાં પોતાના જાનની બાજી લગાવી, માછીમારોએ શૂટ કરી દેવાની ધમકી આપી તો તેમને કાગળ વંચાવ્યો. મેં આપઘાત કર્યો છે. મારા મોત માટે હું જ જવાબદાર છું. માછીમારો ગળગળા થઈ ગયા. રતિભાઈએ તેમને રૂપિયા આપી નિર્દોષ વ્યવસાય કરવાની પ્રેરણા આપી. માછીમારોએ ધંધો બદલી દીધો. Sweeten your heart. **વેદો**માં લખ્યું છે - **मित्रस्यादं चक्षुषा भूतानि समीक्षे** - જીવોને મિત્રની આંખે જોવું. **આગમો** કહે છે - **मित्ती मे सव्वभूएसु** । મને સર્વ જીવો સાથે મૈત્રી છે. **ઉપનિષદો**માં લખ્યું છે - **सर्वभूतेषु चात्मानम्** - તું દરેકે દરેક જીવોમાં તારી જાતને જો.

**I ask you, તમે કદી તમને લાફો માર્યો છે ? ગાળ આપી છે ? તમારા માટે કદી તમે ખરાબ શબ્દો બોલ્યા છે ? કે ખરાબ વિચાર કર્યો છે ?** If no, Then be so for the whole world. કારણ કે બીજા બધાં જીવો પણ તમારા જેવા જ છે, પ્રભુ વીર કહે છે - જેનો વ્યવહાર તમે બીજા તરફથી તમારા માટે ઈચ્છો છો. એવો જ વ્યવહાર તમે પોતે પણ બીજા પ્રત્યે કરો. જેવો વ્યવહાર તમે બીજા તરફથી નથી ઈચ્છતા, તમે પોતે ય બીજા પ્રત્યે તેવો વ્યવહાર ન કરો **एत्तियं जिणसासणं** । બસ, જિનશાસનનો આ જ સાર છે.

**(ii) Shorter your tongue** - તમારી જીભને ટૂંકી કરી દો. જીભ જેમ લંબાય છે, તેમ સુખ ઓછું થતું જાય છે. પ્રભુ મહાવીરસ્વામીએ સ્થાનાંગ આગમ સૂત્રમાં કહ્યું છે - **मोहरिए सच्चवयणस्स पलिमंथू** - જે બહુ બોલ બોલ કરે છે તે સત્યવાદી નથી બની શકતો. જો તમારે જુઠા બોલા ન બનવું હોય, તો તમે વધુમાં વધુ મૌન રાખો જ્યારે બોલો ત્યારે

ઓછું બોલો. વિચારીને બોલો. **Think before you speak, look before you leap.**

છગન મોટા વકીલ પાસે ગયો, એમને ૩ પ્રશ્નો પૂછવાની ફી ૩૦૦૦રૂા. પહેલાથી ભરી દેવાની. છગન ફી ભરીને અંદર ગયો. વકીલને કહ્યું. 'આટલી ફી વધારે ના કહેવાય ?' 'હા, વધારે કહેવાય.' ઓછી ન કરવી જોઈએ ?' 'હા, હવે ત્રીજો પ્રશ્ન પૂછો.'

Shorten your tongue. આપણને ખબર નથી કે બોલવાથી આપણે કેટકેટલી ઉપાધિ-ઝગડા-દુઃખોને વહોરી લઈએ છીએ. ચાણક્ય કહે છે - **मौन च कलहो नास्ति** - જો તમે મૌન રાખશો. તો કદી તમે ઝગડામાં નહીં પડો. આંધાળાના દીકરા આંધળા-આ એક વાક્યમાંથી આખા મહાભારતનું સર્જન થયું હતું. કાશ, કોઈએ દ્રૌપદીને શીખવાડ્યું હોત - Shorten your tongut. પરમ પાવન શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુ વીર કહે છે - **बहुयं मा य आलवे** - બહું ન બોલવું. ક્યારેક તમારું જ બોલેલું તમને ભારે પડી જશે.

ચિંટુ ગધેડાને દોરી બાંધીને લઈ જતો હતો. સામે એક પોલિસ મળ્યો. એ કહે- આ તારા ભાઈને ક્યાં લઈ જાય છે ? ચિંટુએ ઘડ જઈને જવાબ આપ્યો. પોલિસ ખાતામાં ભરતી કરાવવા.

**વચન રતન મુખ કોટકી, ચૂપકર દીજે તાલ ।**
**ગ્રાહક હો તો ખોલીયે, વાણી વચન રસાળ ।।**

**अपुच्चिओ न भासिज्जा** - જ્યારે તમને કોઈ પૂછે નહીં, ત્યાં સુધી ન બોલો. **भासमाणस्स अंतरा** - બે જણ વાત કરતા હોય, તેમાં વચ્ચે ન બોલો. **मियं** - Limited બોલો.

એક વક્તાએ ભાષણ શરૂ કર્યું, ચાલ્યું ચાલ્યું.... બધાં કંટાળ્યા. ધીમે ધીમે લોકો ઉઠી ઉઠીને જવા લાગ્યા. બે જ જણા બચ્યા. વક્તાએ હજી ચલાવે રાખ્યું ને પાછો પોતાનો પોઝિટીવ એપ્રોચ રજુ કયો, 'કાંઈ વાંધો નહીં, ૨ શ્રોતા તો સાચા મળ્યા.' તો એમાંથી ૧ જણે કહ્યું, 'હું તો ટેન્ટવાળો

છું. પ્રોગ્રામ પૂરો થાય એટલે મારે ખુરશીઓ લેવાની છે.' બીજો કહે - 'હું શ્રોતા નહીં, વક્તા છું. તમારી પછી મારે બોલવાનું છે.'

Shorten your tongue, keep quite & People will think you are a philosopher. **विभूषण मौनमपण्डितानाम्** - આપણા જેવા અજ્ઞાની જેટલા ચૂપ રહેશે, એટલાં જ સારા લાગશે.

**Speech is silver. Silence is gold. મૌન એ એક ઉચ્ચ સાધના છે. પ્રભુ વીર અગાધ જ્ઞાની હોવા છતાં ૧૨ ૧/૨ વર્ષે પ્રાયઃ મૌન રહ્યા હતાં. મૌનથી વચનસિદ્ધિ મળે. તમે જે બોલો, એ સાચું પડીને રહે. મૌનથી ભીતરમાં આનંદનો સાગર હિલોળા લે. બોલી બોલીને આપણે જીવનનું સાચું સુખ ગુમાવી દઈએ છીએ. મોક્ષનું સુખ પણ મૌનથી મળે. અને સંસારનું સુખ પણ મૌનથી જ મળી શકે.**

એક કન્યા પરણીને સાસરે ગઈ. બધાં એનાથી ત્રાસી ગયા. એના પિયરે કહેવડાવ્યું. એને પાછી લઈ જાઓ. ભાઈ આવ્યો. બહેનને કહ્યું. ધંધામાં ખૂબ તકલીફ આવી છે. જ્યોતિષિએ કહ્યું છે, તારી બેન આખો દિવસ મોઢામાં સોનાની ચેઈન રાખે તો સારું થાય. બહેન કહે, 'મારા ભાઈલા તારા માટે ચેઈન તો શું. સાંકળ પણ રાખીશ.' ભાઈએ વેવાઈને કહ્યું. અઠવાડિયું રાહ જુઓ, પછી લઈ જઈશ. અઠવાડિયા પછી ફોન કર્યો. 'લઈ જવું' જવાબ મળ્યો, 'ના, ના, તમારી બેન તો દેવી છે દેવી. કોણ જાણે શું ચમત્કાર થઈ ગયો. અઠવાડિયામાં તો એણે બધાનાં દિલ જીતી લીધા.

**વાત આ છે. Shorter your tonge. ઉત્તરાધ્યયનટીકામાં લખ્યું છે કે બહુ બોલવાથી શરીરમાં વાતક્ષોભ થાય છે. જેનાથી જાતજાતના રોગો થાય છે. આધુનિક વિજ્ઞાન પણ માને છે કે મૌનમાં ખૂબ શક્તિ છે. જે મૌન રાખી શકે છે તે જીવનની અદ્ભુત ઉર્જા પામે છે. અને સ્વ-પરનું કલ્યાણ કરે છે. બોલ-બોલ કરનાર આ બધા લાભોથી વંચિત થાય છે.**

ગુજરાતથી એક મોટું મહિલા મંડળ અમેરિકાની ટુર પર ગયું. ત્યાં નાયેગરાના ધોધ પાસે બધાં ઉભા હતા. ગાઈડે રાડા પાડી પાડીને તેમને સલાહ આપી. આ એક મોટામાં મોટો Waterfall છે. ૫ કિ.મી. સુધી

આનો અવાજ સંભળાય છે. હવે તમે બધાં કંઈક શાંતિ રાખો, તો આનો અવાજ સંભળાય. એક શ્રીમંતે વીલ કર્યુ. પત્ની દર વર્ષે આ શ્રદ્ધાંજલિ છાપામાં આપે તો જ એને મારી સંપત્તિ મળે. જો મેં જીભ ટૂંકી રાખી હોત તો મારા પતિ ઘણું લાંબુ જીવ્યા હોત. Please, shorter your tongue.

**(iii) Soften your soul :** તમારા આત્માને એકદમ પોચો બનાવી દો. ધર્મનું હાર્દ અને સમૃદ્ધ જીવનનું હાર્દ આ છે. તમારો આત્મા એકદમ પોચો હોય. Softer than butter, softer than cotton. ક્રૌંચપક્ષી પ્રત્યેના soft approach થી મેતારજ મુનિએ પોતાના પ્રાણોની આહૂતિ આપી દીધી હતી. દેડકાઓ પ્રત્યેની દયાથી વરદત્ત મુનિએ ગાંડા હાથીના પગ તળે કચડાઈ જવાનો પણ ડર રાખ્યો ન હતો. પ્રભુ વીર જીવતા બળી જવા તૈયાર થઈને પણ ચંડકૌશિક પર કરુણા વરસાવવા ગયા હતા.

તમારા આત્માને કદી કઠોર નહીં બનવા દેતાં. તમારું પોતનું કાંઈ હોય, તો એ તમારો આત્મા છે. એ જો કઠોર થઈ જશે. તો તમારું સત્યાનાશ નીકળી જશે. હિંસક વિડિયોગેમ, ધાર્મિક ન હોય એવી ચેનલ્સ, વાયોલેન્સ વાળી મુવીઝ, આ બધાં જ લૂંટારા છે. જેઓ તમારા આત્માની softness ને લૂંટી લે છે. આજે જેઓ વિડિયોગેમમાં કોઈને શૂટ કરી શકે છે. તેઓ કાલે કોઈને Real માં શૂટ કરી શકે છે. **My dears, you don't no તમારી ઉંમરના હજારો છોકરાઓ આજે જેલમાં છે. કોઈએ ચોરી કરી છે. કોઈએ મર્ડર કર્યુ છે. કોઈએ શરમજનક કૃત્યો કર્યા છે. કારણ આ જ. Hardness. કઠોરતા. જો તમે Soft નહીં થાઓ. તો એ જેલ તો તમને મળે કે ન મળે, સંસારની જેલ જરૂર મળશે. ખૂબ ભયાનક જેલ.**

હંમેશા બીજાનો વિચાર કરો બીજાની તકલીફને તમારી તકલીફ સમજી લો. ગાર્ડનની લોનમાં આળોટતા પહેલા એ grass ના જીવોના દર્દ માટે વિચાર કરો. Icecream માટે જીદ કરતાં પહેલા એમાં રહેલ micro insects ના દુઃખનો વિચાર કરો. **કોઈને તીખાં-કડવા શબ્દો કહેતા પહેલા તેના અંતરની વેદનાનો વિચાર કરો. My dears, Always think for others. Nature will think for you. Soften your heart.**

બે ભાઈએ એક બકરીને મારી. બીજા ભવે જેણે બકરીના કાન પકડી રાખેલ તેના હાથ કપાયા. અને બીજા ભાઈને ચપ્પુથી મરવું પડ્યું. મારનાર હતી એની પત્ની. બકરીનો જીવ. ખૂન કરીને એણે બૂમાબૂમ કરી રાતવાસો રહેલ મુસાફર પર આરોપ મૂક્યો લોકોએ મારી મારીને એને અધમુઓ કરી દીધો. ને પછી એના હાથ કાપી નાંખ્યા.

**કુદરતનો છે ન્યાય સનાતન આપ્યું એવું મળશે.**

આજે ભગવાનને promise આપો. ખાવામાં-પીવામાં-ફરવામાં-ધંધામાં Entertainment માં - બધામાં અમે બીજાનો વિચાર કરશું. કોઈને તકલીફ થાય એવું કદી નહીં કરીએ.

Soften your soul - તમારું જીવન અને જન્મોજન્મ પણ Soft થઈ જશે.

* * * * *

‘‘ઊભો રહે, ઊભો રહે તું. હમણાં આ કામ પતાવીને તારી ખબર લઉં છું.’’ ‘‘મમ્મી, એકદમ શાંતિથી કામ પતાવજે હું, જરા પણ ઉતાવળ ન કરતી.’’

જીવનને અજવાળવા માટે આજે તમને ચાર દીવડાંની વાત કરવી છે. એમાં પહેલો દીવડો છે -

**(i) Delay** - મમ્મી પોતાની ધુલાઈ-પિટાઈ કરવામાં જેટલું ડિલે કરે, એટલો પોતે સેફ છે, એનો ચિંટુને બરાબર ખ્યાલ છે. You also know this fact very well અને આ fact ને તમારા ભલાં માટે ખૂબ સારી રીતે યુઝ કરી શકો છો. પાપ કરવાનો તમને જ્યારે જ્યારે વિચાર આવે. ત્યારે તમે એમાં delay કરતાં જાઓ. આજે હોટલમાં જવું છે ? તો Next week પર નાખી દો. આજે મુવી જોવા જવું છે ? જવા દો. Next month માં વાત. ખુબ ગુસ્સો આવ્યો છે, ને હમણાં ને હમણા ઝગડો કરવો છે ? છોડો.

જ્યારે પુણ્યની વાત હોય, ત્યારે સમજી લો - Delay is dangerous. અને જ્યારે પાપની વાત હોય. ત્યારે સમજી લો. Delay is delecious. એને તમે જેટલું પાછળ ઠેલતા જઈ શકો. એટલા તમે soft છો. **આચારાંગ સૂત્ર**માં કહ્યું છે -

**एस खलु मारे ।** હિંસા વગેરે પાપો એ જ મૃત્યું છે.

I ask you. આજે મોત જોઈએ કે કાલે ? I know you don't wan't it. પણ તમને 2 options આપવામાં આવે, અને તમારે એક Option chose કરવો જ પડે તેમ હોય, તો શું કરો ? કાલ પર જ નાખો ને ? fine. તો સમજી લો કે મોત એટલું ખરાબ નથી. જેટલું ટી.વી.-મુવી-હોટલ અને ગુસ્સો ખરાબ છે. જો તમે મોતથી ડરતા હો, તો એના કરતા લાખો ગણું પાપોથી ડરજો.

જર્મનીની આર્મીમાં એક નિયમ હતો. કોઈને પણ કોઈ સાથે ઝગડો થાય, ને એ તરત ફરિયાદ નોંધાવે, તો એને સજા થાય. એ ઝગડા બાદ શાંતિથી સૂઈ જાય. પછી ઉઠીને જ ફરિયાદ નોંધાવી શકે. Delay, જ્યાં સુધી શબ્દો બોલાયા નથી. ત્યાં સુધી તમે તેના માલિક છો. શબ્દો બોલાઈ જાય, પછી શબ્દો તમારા માલિક બની જાય છે. પરમપાવન શ્રી આચારાંગ સૂત્ર કહે છે- **अणुवीइभासी णिसम्मभासी** । વિચારીને બોલો. બરાબર સાંભળીને બોલો.

**માણસ જેમ જેમ જ્ઞાન પામે છે. તેમ તેમ તેની ધીરજ વધતી જાય છે. If you can't wait, you are ignorant. વંકચૂલે Delay નો નિયમ લીધો હતો. માત્ર half minute delay નો. એનાથી એની બેન + એની પત્નીનો જીવ બચી ગયો હતો. શુભસ્ય શીઘ્રમ્ - ઉતાવળ પુણ્યમાં જ કરવી જોઈએ.**

**(ii) Delete :** સરદારજી ૫૦૦ રૂા. મેચમાં હાર્યા. ૫૦૦ રૂા. હાઈલાઈટમાં હાર્યા. spelling ની mistake ને આપણે delete કરી શકીએ છીએ. જીવનની Mistake ને નહીં. આપણે પણ સરદારજી જેવા જ નથી ? **જે પાપ કરીને આપણે અનંતીવાર નરકમાં ગયા. એ પાપ ફરી કરીએ છીએ. હજી આપણને કષાયો કરવા છે. ભાવતું ખાવું છે. અભક્ષ્ય પણ છોડવું નથી. જીવોની હિંસા કરવી છે.** Cheat me once shame on you. cheat me twice shame on me.

I ask you, સુખી થવું છે ? તો તમારા બધાં જ પાપોને Delete કરી દો. કેન્સરની ગાંઠ કે ટાઈમ બોંબ એટલા ખતરનાર નથી, જેટલા ખતરનાક ભીતરના પાપો છે. ખંધક મુનિએ પૂર્વભવમાં કોળાની છાલ ઉતારી તો તેમની જીવતા જ ચામડી ઉતરી. પ્રભુ વીરે પૂર્વભવે શય્યાપાલકના કાનમાં સીસાનો રસ રેડાવ્યો, તો તેમના કાનમાં ખિલ્લા ઠોકાયા. ઢંઢણ મુનિએ બળદોને ખાવામાં અંતરાય કર્યો તો તેમને છ મહિના સુધી ભોજન ન મળ્યું.

**ત્રાજવા જેવું નથી ને તો ય એ બધું તોળશે ।**
**પાપ તારું એ પળે પોકારશે ને બોલશે ॥**

Please delete your sins. They are your real enimies. No.2 delete other's mistake. We have a wrong habit. We always download others mistake, But we should always delete it. Enlarge your heart - **હૃદયને વિશાળ બનાવો. બીજાની ભૂલોને ગળી જતાં શીખો.** 'મા' ને પુત્ર માટે વાત્સલ્ય હોય છે. તો મા એની લાખો ભૂલોને Delete કરી નાંખે છે. એવો વાત્સલ્યભાવ આપણને દુનિયાના બધા જ જીવો પ્રત્યે હોવો જોઈએ. પત્નીના ચડાવવાથી દીકરો માનું કલેજું લઈને આવતાં ઠેસ ખાઈને પડ્યો. કલેજામાંથી અવાજ આવ્યો, બેટા ! તને વાગ્યું તો નથી ને ?

**દુનિયાના બધાં જીવો પ્રત્યે આવો વાત્સલ્યભાવ હોય તો સમજી લો કે નરકના દરવાજા બંધ થઈ ગયા અને સ્વર્ગ તમારી રાહ જોઈ રહ્યું છે.**

Delete આપણી દશા શીર્ષાસન જેવી છે. આપણી ભૂલોના બધાં બચાવ આપણને આવડે છે, ને બીજાની ભૂલો પર તૂટી પડતાં પણ આવડે છે. દૂધવાળો મોડો આવ્યો ને ખુલાસો કર્યો, 'પાણી મોડું આવ્યું, એમાં હું શું કરું ?' ચોરને પૂછાયું. 'તમે એના ઘરમાં કેમ ઘુસ્યા ?' એ કહે 'ભલે પધાર્યાનું બોર્ડ જોઈને. ચિંટુને ટિચરે પૂછ્યું, 'આંગળી પર દોરી કેમ ?' 'મમ્મીએ ટપાલ પોસ્ટ કરવા આપી છે, તે યાદ રહે એટલા માટે.' 'તો તે ટપાલ પોસ્ટ કરવા માટે ટપાલ પેટીમાં નાંખી દીધી ?' 'ના, તે મને આપતા જ ભૂલી ગઈ છે.'

બીજાની ભૂલોને ઢાંકતા અને માફ કરતાં શીખો. એને ભૂલી જતાં ને ભૂંસી દેતાં શીખો. પોતાની ભૂલોને સુધારતાં શીખો.

**(iii) Deliver :** Western **વિકૃત** culture - **તમને** 'get your own bag' **શીખવાડે છે, જ્યારે** Eastern **સંસ્કૃત** culture **તમને** deliver **શીખવાડે** છે. ભેગું કરીને ખાવું- એ વિકૃતિ. ભેગાં મળીને ખાવું એ સંસ્કૃતિ. Western **વિચારે છે. कोइ जाये तो खाये ।** Eastern **વિચારે છે कोइ आये तो खाये ।** Deliver.

ઉપદેશમાળામાં લખ્યું છે -

पढमं जईण दाऊण, अप्पणा पणमिऊण पारेइ ।
असई अ सुविहिआणं, भुंजई कयदिसालोओ ॥

**સાચો જૈન મહાત્માને વહોરાવ્યા વગર કદી ખાય નહીં. ક્યારેક એવું બને કે મહાત્મા હોય જ નહીં, તો એ બેચેન બની જાય. એને થઈ જાય કે જવા દે, આજે નથી ખાવું. ન છૂટકે જમવું પડે, તો એ વિહ્વળ થઈ જાય. થાળી પીરસાઈ હોય, પણ કોળિયો લેતા એનો જીવ ન ચાલે. એ ઉભો થઈ જાય, ગેલેરીમાં જઈને બધે નજર કરી લે, કદાચ પુણ્ય જાગી જાય, ને કોઈ મહાત્માના દર્શન થઈ જાય, તો લાભ મળી જાય.**

આપણે બેસતા વર્ષે લખીએ છીએ - અભયકુમારની બુદ્ધિ-શાલિભદ્રની ઋદ્ધિ-કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો. Do you know ? એમને એ બધું શેનાથી મળ્યું હતું ? સુપાત્ર દાનથી. **ઓઘનિર્યુક્તિ**માં શ્રુતકેવલી શ્રી **ભદ્રબાહુસ્વામી મહારાજા**એ કહ્યું છે -

लाभेण जोजयंतो जईणो लाभंतराइयं हणइ ।
कुणमाणो अ समाहिं सव्वसमाहिं लहइ साहू ॥

જે સુપાત્રદાન આપે છે, તેના લાભાંતરાય કર્મના ભુક્કા બોલાઈ જાય છે. એ કોલસામાં હાથ નાખે તો ય હીરા નીકળે. દુનિયાભરની સંપત્તિ પોતે જાણે એને શોધતી આવે. એને છપ્પર ફાડીને રૂપિયા મળે. જે મહાત્માઓને સમાધિ આપે એને સર્વ પ્રકારની સુખ-શાંતિ સમાધિ મળે.

રાજસ્થાનમાં અમારું ચોમાસું હતું. ત્યાં એક તમારી ઉંમરનો છોકરો રહેતો હતો. એ સ્કુલેથી આવીને મમ્મીને પૂછે, આપણા ઘરે મ.સા. વહોરવા આવ્યા હતાં ? જો 'હા' જવાબ મળે, તો એ જમે. નહીં તો ન જમે. અમારે ૧ વાગે એના ઘરે જવું પડે. એ અમને હર્ષના આંસુ સાથે વહોરાવે પછી જ એ જમે.

My dears, **આ જીવન ઝૂંટવવા માટે નથી. દેવ-ગુરુને સમર્પણ કરવા માટે છે. ૯૯ કરોડ સોનૈયા આપીને ધન્નાશાએ ભગવાનનું - રાણકપુરનું તીર્થ બંધાવ્યું. કરચ સમાન રૂપિયા, ચાંદી સોનું અને મોતી આપીને વસ્તુપાલ-**

**તેજપાલે દેલવાડાના અદ્ભુત દેરાસર બંધાવ્યાં. જીવાનંદ વૈદ્યે લાખો સોનામહોરો લગાવીને મહાત્માની ટ્રીટમેન્ટ કરી હતી. તમને શું મળી શકે છે, એ વિચારવાનું છોડી દો અને તમે શું આપી શકો છો, એ વિચારવાનું ચાલુ કરી દો.**

સાચો જૈન એને કહેવાય, જે સિઝનની પહેલી કેરી આવે તો એના પર તૂટી ન પડે, પણ પહેલા તપાસ કરે, દેરાસરમાં મુકી છે ? મહાત્માને વહોરાવી છે ? સાધર્મિકને ખવડાવી છે. Remember you are the best. આમાં જે first થવા જાય છે, એ જીવનમાં last થઈ જાય છે.

છગને મગનને કહ્યું - 'મેં તને ૧૦૦ રૂા. આપ્યા'તા. યાદ છે.' મગન કહે - યાદ છે, ને જીવીશ ત્યાં સુધી યાદ રાખીશ.

**I ask you ? આપણા પર જેના અનંત ઉપકારો છે, એને આપણે ભૂલી જઈએ, તો આપણે કેવા ? We have nothing ours આપણું બધું પણ જિનશાસનનું છે, અને આપણે પોતે પણ જિનશાસનના છીએ. Deliver. આ જનમ આપણને મળ્યો છે. જિનશાસનને સર્વસમર્પણ કરવા માટે. આપણા જીવનનું આ જ લક્ષ્ય હોવું જોઈએ.**

**(iv) Delight :** ચિંટુ-મિંટુએ માળીનું એક બૂટ ચોરી લેવાને બદલે બંને બૂટમાં ૨૫-૨૫ રૂપિયા મુકી દીધા. માળીની આંખમાં આંસુ આવી ગયા. માંદા દીકરાની દવાના પૈસા આપવા બદલ એણે ભગવાનનો ઉપકાર માન્યો. જે આ પૈસા મુકી ગયું હોય, એનું ભલું થજો એમ દુઆઓ આપી. ઝાડ પાછળ છુપાયેલા ચિંટુ-પિંટુને એ દિવસે જે આનંદ આવ્યો, એવો જિંદગીમાં કદી પણ આવ્યો ન હતો. આનંદ મેળવવાનો આ જ માર્ગ છે. બીજાને આનંદ આપો.

મનગમતી સિરિયલ જોઈને, સ્કૂટરાં મનગમતી સીટ પર બેસીને, મનગમતી ગેમ લઈને તમે તમારા ભાઈ-બહેનને દુઃખી કરશો, તો તમે માનવ મટીને રાક્ષસ બની જશો. તમારી પસંદનું છોડતાં શીખો- બીજાને આનંદ આપતા શીખો. **Happiness is the byproduct of making some**

**one else happy.** બીજાના આનંદમાં આનંદ માણતા શીખો, તો તમે માનવ છો.

**I can't give you a formula for success but for failure to tease everybody.**

**જીદમાં જીતીને બીજાને રડાવવા કરતાં હારીને બીજાને હસાવવા એ લાખગણું બહેતર છે. કૂતરો ય રોટલીના ટુકડા ખાતર ઝગડે છે. આ જીવનમાં આપણે ય એવા જ ધંધા કરશું, તો આપણામાં ને કૂતરામાં શું ફરક રહેશે ? Let's delight. Experience it once. એની મજા જોઈને પછી એ જ તમારી habit બની જશે.**

* * * * *

આ જીવનની સફળતા ડિવાઈન ડિવોશનથી જ થઈ શકે. આજે તમને 6 Steps મા આ ડિવોશનની વાત કરવી છે.

**(i) Believe : વિશ્વાસ કરવો.** ગુરુ પ્રત્યે પૂર્ણ વિશ્વાસ- શ્રદ્ધા કરો કે એ મને તારશે. જાતમાં પૂર્ણ વિશ્વાસ કે હું તરીશ. એક પરિવાર પાગલખાનામાં આવ્યો. એક જણને ભરતી કરાવવા. મેનેજરે નામ પૂછ્યું એટલે એ પાગલ બોલી ઉઠ્યો - 'સમ્રાટ સિકંદર.' ઘરના બધાં શરમાઈ ગયા. મેનેજરે કહ્યું, Don't worry, I can understand. અહીં ઓલરેડી સાત સિકંદર, અગિયાર અકબર, ચાર રાણા પ્રતાપ, આઠ ઝાંસીની રાણી, ત્રણ ગાંધીજી ને બે નરેન્દ્ર મોદી છે.'

I say - આ પાગલપણું છે. પણ હું ગુરુમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવી શકું, હું શ્રેષ્ઠતમ બની શકું, હું ભવસાગરને ગુરુસમર્પણથી તરી શકું. આવા આત્મવિશ્વાસમાં કોઈ પાગલપણું નથી. **Knock the 't' of can't. You can do what you think you can do, You can't what you think you can't. Whether you think you can or you can't in both you are right.**

**(ii) Beseech : આજીજી કરવી.** શિષ્યરૂપે તમારો સ્વીકાર કરવા માટે ગુરુને હૃદયપૂર્વક આજીજી કરો. I ask you.... ગુરુની તમને જરૂર છે ખરી ? હકીકતે તમને હવા-પાણી-ખોરાકની જેટલી જરૂર નથી, એનાથી ય વધુ ગુરુની જરૂર છે. સિકંદર : નદી કેટલી ઉંડી છે. તરવું ફાવશે કે નહીં. તે જોવા જોખમ લઈને કૂદી પડ્યો. પાછળથી એરિસ્ટોટલે ઠપકો આપ્યો, તો કહ્યું મૂલ્ય એરિસ્ટોટલનું છે. એ હશે તો બીજા ૧૦ સિકંદર પેદા થઈ જશે. I repeat my question તમને ગુરુની જરૂર છે ? **રામચરિતમાનસ - गुरु बिनु भवनिधि तरइ न कोई, जो बिरंचि शंकर सम होइ ।** બ્રહ્મ

કે શંકર જેવા હોય, એમને ય ગુરુની જરૂર છે જ. ગુરુ વિના ભવસાગર તરવો શક્ય જ નથી.

I know, આજે તમારી જનરેશનને extreme ego છે. છગને ચિંટુને પૂછ્યું, 'બેટા, સ્કુલમાં તારું કેમ ચાલે છે ?' ચિંટુએ ઘડ દઈને જવાબ આપ્યો, 'પપ્પા મેં કદી તમને પૂછ્યું છે ? કે ઓફીસ તમારું કેમ ચાલે છે ?' ચિંટુને સ્કુલમાં સરે કહ્યું, 'તને ખબર છે ? સરદાર પટેલ તારી ઉંમરે મોનિટર હતા.' ચિંટુએ સામે ફટકાર્યું, 'સર તમને ખબર છે ? સરદાર પટેલ તમારી ઉંમરે ગૃહપ્રધાન હતા.'

**I say, જો તરવું હોય તો બધાં જ egoism ને ફગાવી દો. મમ્મી-પપ્પાના છત્રની તમને જરૂર છે. ગુરુની છાયાની તમને જરૂર છે. Beseech. એમના પગ પકડીને તમે આજીજી કરો. એ તમારા ઘડતર માટે તમારો સ્વીકાર કરે. શિવપુરાણ - यैः पुनर्विदितं तत्त्वं ते मुक्ता मोचयन्त्यपि । सीस कटे जो गुरु मिले तो भी सस्ता जान । માટે જ દ્રોણાચાર્યે અંગૂઠો માંગ્યો, તો એકલવ્યે કહ્યું, માથું પણ તૈયાર છે.**

**(iii) Bestow : અર્પણ કરો.** તમારી જાત, તમારું મન, તમારી ઈચ્છાઓ - આ બધું જ ગુરુચરણમાં સમર્પિત કરી દો. હનુમાનજીને શ્રીરામે કહ્યું, તને મન થાય ત્યાં ઝૂંપડી બનાવી દે. હનુમાનજી ૪ કલાક રખડ્યા. છેવટે ખુલાસો - આપ મળ્યા ત્યારથી મારું મન આપનામાં વિલીન કરી દીધું છે. આશ્રમોમાં બોર્ડ હોય છે. No mind please. વાત Bestow ની છે. ગુરુ પાસે આર્ગ્યુમેન્ટ નહીં, એગ્રીમેન્ટ જ કરજો.

મુલ્લો રોજ ગધેડા પર બેસીને નીકળે. ક્યાં જાય ? એની પડોશીઓને ખૂબ જિજ્ઞાસા. તેમણે પૂછ્યું તો મુલ્લો કહે, પહેલાં હું એ નક્કી કરતો, તો ખેંચાતાણ થતી, હવે ગધેડો જ નક્કી કરે છે.

My dears, અત્યારે આખી દુનિયાના નસીબમાં ગધેડાને બાપ બનાવવાનું લખ્યું છે. Bestow તો કરવું જ પડશે. મા-બાપ-દેવ-ગુરુ પાસે કરવું ? કે પછી ગધેડા પાસે એ આપણે નક્કી કરવાનું છે. **મત્સ્યપુરાણ** -

**साधूनामप्यसाधूनां सन्त एव सदा गतिः ।** સજ્જનોનું શરણ પણ ગુરુ જ છે, દુર્જનોનું શરણ પણ ગુરુ જ છે. Bestow. આજે આપણે સંકલ્પ કરીએ – તન મન ધન ગુરુના ચરણોમાં.

**(iv) Begin – શરૂઆત કરો. Distance is only first step & that's the hardest.** જો શરૂઆત થઈ ગઈ, તો કામ થઈ ગયું. **આગમ**માં લખ્યું છે – **कडेमाणे कडे ।** પણ આળસુ હોય એ શરૂઆત જ નથી કરતા.

સ્કુલમાં એક્ઝામ હતી. ચિંટુએ પિંટુને પૂછ્યું. 'તે આળસ વિષે નિબંધમાં શું લખ્યું ?' એ કહે – '૩ પાના કોરા રાખીને છેલ્લે લખ્યું, આનું નામ આળસ.'

My dears, **Ships are safer in the harbour, but they are not ment for that purpose.** આ જીવન ગુર્વાજ્ઞાપાલનની સાધના માટે છે. ગુરુને અનુસરવાની આરાધના માટે છે. **ગુરુ.. તમારા પગલે પગલે પાપા પગલી ભરવી છે.**

**(v) Behave – વર્તો.** ગુર્વાજ્ઞામાં વર્તો. ભક્તને ગુરુએ એક દિવસ રોકાઈ જવા કહ્યું. ખૂબ વ્યસ્તતા હોવાથી ભક્તે ના પાડી. જઈને પાછો આવ્યો. 'કાલે જઈશ. ગધેડાના અપશુકન થયા.' ગુરુ કહે – 'તું ગધેડાનું માને, ગુરુનું નહીં, તો તારું કલ્યાણ શી રીતે થશે ?' Behave. પળે પળે તમે એટલો જ પ્રયત્ન કરો કે તમે ગુરુની આજ્ઞા મુજબ વર્તતા હો. આગમ કહે છે – **छट्ठट्ठम दसमदुवालसेहिं मासद्धमासखमणेहिं ।**
**अकरंतो गुरु वयणं अणंतसंसारिओ होइ ॥**

જે છટ્ઠ પારણે છટ્ઠ યાવત્ માસખમણને પારણે માસખમણ કરે પણ ગુરુના વચનનું પાલન ન કરે, એ અનંત કાળ સુધી સંસારમાં ભટકે.

**જ્યોતિષશાસ્ત્ર**માં કહ્યું છે. 'જો કુંડળીના કેન્દ્રમાં ગુરુ હોય, તો લાખો દોષોનો નાશ થઈ જાય.' આગમો કહે છે, તમારા જીવનના કેન્દ્રમાં ગુરુને પ્રતિષ્ઠિત કરી દો, તમારા લાખો દોષોનો નાશ થઈ જશે. આશુતોષ મુખરજીએ વાઈસરોયને કહી દીધું હતું. મારી 'મા' ની ઈચ્છા નથી. માટે હું ફોરેન

નહીં જાઉં. **આજે ઘરે જઈને તમે એક એવું લિસ્ટ બનાવો.** એવું તમારા જીવનમાં શું શું છે, જે મમ્મી-પપ્પા-દેવ-ગુરુને ગમતું નથી. એ full list ને તમે તમારી life માંથી cancel કરી દો. **શિવપુરાણ** - **गुर्वाज्ञाविरहितं चौरवत् सकलं भवेत्** । ગુર્વાજ્ઞા વિના આપણે જે કાંઈ પણ કરીએ છીએ, તે બધું જ એક ટાઈપની ચોરી છે.

**(vi) Become** - **બનો.** જે ગુરુને ભગવાન માને છે, તે ખુદ ભગવાન બની જાય છે. **યોગદષ્ટિસમુચ્ચય** -

**गुरुभक्तिप्रभावेन तीर्थकृद्दर्शनं मतम् ।**
**समापत्त्यादिभेदेन निर्वाणैकनिबन्धनम् ॥**

ગુરુભક્તિના પ્રભાવે સાક્ષાત્ તીર્થંકરનું દર્શન થાય છે. પછી થાય છે પરમ સમતાની પ્રાપ્તિ અને પછી મળી જાય છે પરમપદ. **અનુભૂતિગીતા** -

**પરમ પાવન અવસરે ગુરુ દીસે ભગવાન ।**
**પામે તે ભગવાનને ખુદ બને ભગવાન ।।**

આપણને મહાવીર બનવાની ચિંતા છે. પણ ખરો પ્રશ્ન તો ગૌતમ બનવાનો છે. જે ગૌતમ બને છે, તે મહાવીર બને જ છે. પ્રભુની આજ્ઞાથી ગૌતમસ્વામી સહજપણે આનંદ શ્રાવકને મિચ્છામિદુક્કડમ્ આપવા ગયા હતા. **પંચસૂત્ર** - **आयओ गुरुबहुमाणो** - ગુરુ બહુમાન એ જ મોક્ષ છે. આ છે Become ની formula - ગુરુને ભગવાન સમજી લો. તમે ખુદ ભગવાન બની જશો. Wish you all the best.

✳ ✳ ✳ ✳ ✳

# Renovate Your Self

છગનનું ઘર બહુ જર્જરિત થઈ ગયું હતું. છગનના ઘરના બારી બારણા સડી ગયા હતાં. છતમાંથી પોપડા ખરી રહ્યા હતાં. બધાં છગનને કહેતાં હતાં કે તારું ઘર રિપેર કરાવી લે. It needs Renovation. છગન સાંભળતો, પણ એક કાનથી સાંભળીને બીજા કાનથી કાઢી નાખતો. એને ટી.વી. જોવું હતું. ખાવું-પીવું હતું. આરામ કરવો'તો. ગપ્પા લગાવવા'તાં. એ બહુ જ આળસુ હતો. ગલ્લા ને તલ્લા કરતાં દિવસો ના દિવસો જતાં રહ્યા ને At last, his home fall down. કડડભૂસ.

**My dears, છગનના ઘરનું Renovation જેટલું જરૂરી હતું. એના કરતાં વધારે જરૂરી છે. Self renovation. તમારું પોતાનું રિનોવેશન. છગનનું ઘર પડી ગયું એમાં ફક્ત લાખોનો લોસ હતો. તમારી જાત પડી જાય એમાં ભવોભવનો લોસ છે. Renovation માટે આજે તમને 5 steps - 5 'Re' આપવા છે.**

**(i) Respect** - મમ્મી-પપ્પા અને દેવ-ગુરુ ઉપર બહુમાન ભાવ રાખવો. એક પાગલખાનું હતું. છગન-મગન એ જોવા ગયાં. બે પાગલો વચ્ચે ખૂબ બોલાચાલી થઈ રહી હતી. છગન-મગને જોયું કે બંને એમ કહેતાં હતાં કે ભારતનો વડાપ્રધાન હું જ છું. ઝગડો climax પર પહોંચ્યો. છગન ને મગન તો આંખ ફાડીને જોતા રહ્યાં. બંને પાગલ એક મોટા પાગલ પાસે ગયાં. એને કહ્યું, 'તમે અમારા ન્યાયાધીશ બનો.' બંનેએ પોતપોતાના cases રજુ કર્યા. ન્યાયાધીશે કહ્યું, તમારા બંનેના cases કાઢી નાંખવામાં આવે છે. કારણ કે ભારતનો વડાપ્રધાન તો હું જ છું.

Yes my dears, that happens. **જેણે પોતાની જાતને કંઈક સમજી લીધી છે, તેમની હાલત એ પાગલ જેવી છે.** I am something. Today take a wonderful formula to earn respect - I am Nothing. **મમ્મી-પપ્પાએ તમારા ઉપર જે ઉપકારો કર્યા છે, એની તુલનામાં તમે શું છો ?**

Nothing. યોગબિંદુમાં પૂ. હરિભદ્રસૂરિજી મ. કહે છે. **पूजनं चास्य विज्ञेय, त्रिसन्ध्यं नमनक्रिया** - માતા-પિતાને દિવસમાં ત્રણ વાર પ્રણામ કરવા જોઈએ- સવારે, બપોરે અને સાંજે.

**अभ्युत्थानादियोगश्च ।** મમ્મી દેરાસર ગઈ છે, તમે ડ્રોઈંગરૂમમાં બેઠા છો. મમ્મી પાછી આવી. ઘરમાં entry થઈ. જે સેકન્ડે તમને ખબર પડી કે મમ્મી આવી, On the spot-stand up. આ છે અભ્યુત્થાનયોગ. આ છે Respect. મમ્મી-પપ્પા આવ્યા ને તમે બેઠા રહ્યા, તો ભગવાન તમારા પર ચોકડી મારી દે છે. **વાત બહુ નાની છે. બહુ જ સહેલી છે ને છતાં ખૂબ ખૂબ મહત્ત્વની છે. ઉપકારીઓના આગમને જેઓ ઉભા નથી થઈ શકતા, તેમને કર્મસત્તા લંગડા બનાવે છે. Please respect.**

**तदन्ते निभृताऽऽसनम् ।** તમે એકલા બેઠા છો કે ફ્રેન્ડ્સ સાથે બેઠા છો અને તમે મમ્મી-પપ્પાની પાસે બેઠાં છો. એ બેમાં કાંઈ ફરક પડે ? જેવા એમ ને એમ બેસો, એ જ રીતે જો મમ્મી-પપ્પાની પાસે પણ બેસો, તો એમાં તમારો respect નથી. વડીલોના સાન્નિધ્યમાં આપણા રોમે રોમે વિનય નીતરતો હોવો જોઈએ. હાથ જોડેલા હોય, માથું થોડું નમેલું હોય, પગ ઉપર પગ ન ચડાવ્યા હોય. મમ્મી-પપ્પા બેઠા હોય એમનાથી ઉંચે ન બેસાય. એ નીચે બેઠા હોય, તો આપણાથી સોફા પર ન બેસાય. એમના માથે ઉભા રહીને એમની ડોક દુઃખી જાય એ રીતે ઉપર જોવડાવીને વાત ન કરાય. This is respect.

**શ્રીરામ કે શ્રીમહાવીર પણ આ respect નું પૂર્ણ પાલન કરતાં હતાં. What do you think my dears, Are you greater than them ?**

**नामग्रहश्च नास्थाने** - અસ્થાન એટલે અશુચિ સ્થાન. like toilet, garbage place, dirty spot etc. આવી જગ્યાએ મમ્મી-પપ્પા વડીલો-દેવ-ગુરુનું નામ ન લેવાય. Respect is very micro.

**नावर्णश्रवणं क्वचित्** - કદી તેમની નિંદા ન સાંભળવી. સરદારજીના ઘરની દિવાલ પર કોઈએ લખ્યું - પઢનેવાલા પાગલ લિખનેવાલા મહાન.

સરદારજીને ખૂબ ગુસ્સો આવ્યો. બદલો લેવા માટે તેમણે એ વાક્ય ભૂંસીને લખ્યું - પઢનેવાલા મહાન, લિખનેવાલા પાગલ.

I know, કોઈની નિંદા કરવામાં બહુ મજા આવે છે. But my dears ! That's a bad manner. નિંદા કોઈની પણ ન કરવી જોઈએ. ચાણક્યનીતિ કહે છે - **श्वैव भवति निन्दकः** - નિંદક બીજા ભવમાં કૂતરો જ થાય છે. Will you like to be so ? કોઈ પાપી હોય, ગુંડો હોય, તો તેની પણ નિંદા ન કરાય. **सर्वत्र निन्दासन्त्यगः** । તો પછી મમ્મી-પપ્પાની નિંદા તો કઈ રીતે કરાય ? શાસ્ત્રો કહે છે -

**गुरोर्यत्र परिवादो निन्दा चापि प्रवर्तते ।**
**कर्णौ तत्र पिधातव्यौ गन्तव्यं च ततोऽन्यतः ॥**

**જ્યાં મા-બાપ-શિક્ષક-ગુરુની નિંદા થતી હોય, કુથલી થતી હોય, ત્યાં કાન બંધ કરી દેવા જોઈએ. અને ત્યાંથી ચાલ્યા જવું જોઈએ. ઉપકારીઓની નિંદા કરનાર મૂંગા થાય છે, અને સાંભળનાર બહેરા થાય છે.**

**साराणां च यथाशक्ति वस्त्रादीनां निवेदनम्** । વસ્ત્ર, આભૂષણ - બીજી વસ્તુઓ - આ બધું જે સારું સારું હોય, કિંમતી હોય, એ બધું મમ્મી-પપ્પાને આપવાનું. જે મમ્મી-પપ્પાની ઉપેક્ષા કરીને પોતે જ સારું સારું લઈ લે છે, તેના જેવો ખરાબ દીકરો બીજો કોઈ નથી. **અષ્ટકપ્રકરણ**માં પૂ. **હરિભદ્રસૂરિ** મ. કહે છે - **एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत्**: ધાર્મિક મનુષ્યો માટે સત્કારનું મોટું સ્થાન છે માતા-પિતા.

**परलोकक्रियाणां च कारणं तेन सर्वदा** । મમ્મી-પપ્પા-શિક્ષક આ બધાને ધર્મમાં જોડવા જોઈએ. તેનાથી તેમનું ભવોભવ ભલું થશે. મમ્મીને કહેવાનું, મમ્મી, તું મને બે રોટલી ઓછી ખવડાવીશ તો ચાલશે. પણ તું વ્યાખ્યાનમાં જરૂર જજે. મમ્મી ! આ દિવાળીમાં તું મને નવો ડ્રેસ નહીં અપાવતી. એ પૈસાથી તું આંગીનો સામાન લેજે અને ભગવાનની આંગી કરજે. મમ્મી ! તારે કોઈ કામ આવી જાય, તો તું મને ભળાવી દેજે, પણ તું પાઠશાળામાં રિલિજીયસ સ્ટડી કરવા જરૂર જજે. મમ્મી ! તું ઉપધાન કરવા માટે જરૂર જજે. ઘરનું બધું કામ હું કરી દઈશ.

**My dears, તમારી ચામડી ઉતારીને એના ચંપલ બનાવીને મમ્મી-પપ્પાને પહેરાવશો, તો ય તેમના ઉપકારોનો બદલો નહીં વળે. એમના ઉપકારોનો બદલો એક જ રીતે વળી શકે - એમને ધર્મમાં જોડવાથી.**

આજે પણ એવા દીકરાઓ છે. મહિનાની પહેલી તારીખે બધો જ પગાર મમ્મી-પપ્પાના હાથમાં આપી દે. પોતાના માટે Pocket-money મમ્મી-પપ્પા પાસેથી માંગી લે. અને કહે, ''મમ્મી-પપ્પા ! આ તો મેં કાંઈ જ આપ્યું નથી. એ પૈસા આપના જ છે. આપે તો મને કેટલું બધું આપ્યું છે. મેં જે ડિગ્રી લીધી, મને Job મળી, એ બધું આપના જ કારણે છે. મારી એટલી જ request છે કે સંસારનું તો આપે ઘણું ઘણું કર્યુ. હવે આપ આ પૈસાથી આપના હાથે ધર્મ કરો. એનાથી આપના આત્માનું ખરું કલ્યાણ થશે.''

**My dears ! Be a good son. જે good son બને છે. એને life માં બધું જ good મળે છે.**

**तदासनाद्यभोगश्च ।** પપ્પાનું સ્વેટર-કોટ-મફલર-રેઈનકોટ-કટાસણું-ઘડિયાળ-ફોન આ કશું આપણાથી ન વપરાય. પપ્પા તમને વાપરવા દે એ એમની ઉદારતા છે. But we shoud remember our manner. He is your God. ભગવાનનો મુગટ તમારે પહેરાય ? મમ્મી-પપ્પા-શિક્ષક-દેવ-ગુરુ એ જેમ આપણા માટે પૂજ્ય છે, તેમ તેમની દરેક વસ્તુ આપણા માટે પૂજ્ય છે. We should not use it.

**त्यागश्च तदनिष्टानां तदिष्टेषु प्रवर्तनम् -** મમ્મી-પપ્પાને જે ન ગમે, તે છોડી દેવું. It may be some thing, It may be some habit, It may be some word, It may be some behaviour. Leave it. મમ્મી-પપ્પાને જે ગમે તે કરવું. This is your respect. આમાં ખ્યાલ એટલો રાખવાનો કે ધર્મ disturb ન થાય. મમ્મી-પપ્પાને ધર્મ ન ગમે, તો તેમને પ્રેમથી સમજાવવા, પણ ધર્મ છોડી ન દેવો. **औचित्येन त्विदं ज्ञेयं प्राहुर्धर्माद्यपीडया।** મમ્મી-પપ્પાને ન ગમતું હોય એવું કરવું ને ગમતું હોય એ ન કરવું, એ તેમને ત્રાસ આપવાનો રસ્તો છે. Please don't be cruel.

**(ii) Request :** વિનંતિ. મમ્મી-પપ્પાને તમે જે પણ કહો, તેમાં Request-tone હોવો જોઈએ. **મમ્મી આમ કર.** This is order-tone. That's bad manner. **Always say please. Always say sweet. Always speak in law voice.**

છગન ને મગન બગીચામાં બેઠા હતાં. અલક-મલકની વાત ચાલતી હતી, ત્યાં છગનને એક તુક્કો સૂજ્યો - 'એ કહે, યાર મગન, આંખના સ્પેશ્યાલિસ્ટ હોય છે. કાનના, હાર્ટના, હાડકાના બધાંના સ્પેશ્યાલિસ્ટ ડો. હોય છે. પણ જીભના સ્પેશ્યાલિસ્ટ કેમ નથી હોતા ?' મગન કહે 'It's so simple, જીભ સખણી થાય એવી છે જ નહીં.'

My dears. If you can win your tongue, you are greater winner than sikandar. વેદોમાં કહ્યું છે. **जिह्वाग्रे मधु मे** - મારી વાણી મધ જેવી મીઠી હોજો.

જ્યારે આપણે ઉપકારીઓની સાથે વાત કરતા હોઈએ, ત્યારે આ વાત વિશેષથી ધ્યાનમાં રાખવી જોઈએ. Request.

**(iii) Reply** - યોગ્ય રીતે જવાબ આપવો. છગન ઓફિસથી થાકીને ઘરે આવ્યો. કેટલી બેલ વગાડી, બારણું ખખડાવ્યું, બેટા બેટા ચિંટુ જવાબ આપ. ખોલ.. પણ કોઈ અસર જ નહીં. છેવટે છેક કિચન સુધી અવાજ ગયો. મમ્મીએ દરવાજો ખોલ્યો. છગન ચિંટુને પૂછ્યું. અહીં જ હતો તો બારણું ખોલવા કેમ ન આવ્યો ? જવાબ કેમ ન દીધો ? ચિંટુ કહે, મને સ્કુલમાં શીખવાડ્યું છે. છગન કહે તારી ભલી થાય. આવું શીખવાડ્યું છે સ્કુલમાં ? બોલ, શું શીખવાડ્યું છે ? મમ્મી-પપ્પાની સામે ન થવું અને તેમની સામે ન બોલવું.

**Reply, મમ્મી-પપ્પા બોલાવે એટલે સો કામ મુકીને તેમની પાસે હાજર થવું જોઈએ અને Respect કહેવું જોઈએ.... Order Please. એમનું કહેલું કામ ખૂબ આનંદથી સારામાં સારી રીતે કરવું જોઈએ. અને પછી પણ તેમને Final reply આપવો જોઈએ કે તેમણે કહેલું કામ થઈ ગયું છે.**

**(iv) Reward** - પ્રત્યુપકાર કરવો. Good son હોય, એને પળે પળે મમ્મી-પપ્પાએ કરેલા ઉપકારોની સંવેદના હોય. એ પળે પળે ઈચ્છે કે હું એમના ઉપકારોનો શું બદલો વાળું ?

છગન બેંકમાં ગયો. ૧૦ લાખ રૂા. પોતાના ખાતામાંથી કઢાવ્યા. મોટી બેગ ભરીને બહાર આવ્યો, ત્યા તો એક ચોરે એના હાથમાંથી બેગ ઝૂંટવી લીધી. છગને રાડા-રાડ કરી મૂકી. લોકો ભેગા થઈ ગયા. ચોરે બેગમાંથી એક બંડલ ખોલીને જોરથી ઉછાળ્યું. લોકો બધાં નોટો વીણવા લાગ્યા. ચોર બેગ લઈને ભાગી ગયો.

Rewards દુનિયામાં ઘણા છે. પણ best છે ઉપકારીઓને આપેલો Reward. My dears ! તમે જન્મ્યા ત્યારથી તમે એક વર્ષના થયા, ત્યાં સુધીનું તમારું કોઈએ શુટિંગ કર્યું હોય, તો તે ફિલ્મ જોઈને તમે ધ્રુસકે ધ્રુસકે રડી પડો. મમ્મી-પપ્પાએ પોતાના સુખનું-સ્વાસ્થ્યનું, સંપત્તિનું-સમયનું-શરીરનું, બધી જ જાતનું બલિદાન તમારી માટે આપ્યું છે. ઘરના બધાએ મુવી જોવાનો plan બનાવ્યો હતો. તમે એ જ વખતે માંદા પડ્યા. ત્યારે તમારી મમ્મીએ કહ્યું હતું, **તમે બધાં જાવ, હું મુન્નાને સાચવીશ. કેટલી રાતોની રાતો રડારોળ કરીને આપણે એમની ઊંઘ બગાડી છે, પણ એમણે કદી મોઢું નથી બગાડ્યું.** તમે માંદા પડ્યા ને પૈસા ન'તા તો મમ્મીએ પોતાના ઘરેણાં વેંચીને ય તમારી ટ્રીટમેન્ટ કરાવી છે. તમારા સ્કુલ-ટ્યુશન-ક્લાસની ફી ભરવા માટે તમારા પપ્પા કેટલી મહેનત કરે છે. એનો તમને અંદાજ નથી. મમ્મીને બે તાવ હોવા છતાં મમ્મીએ ઊભા ઊભા તમારા માટે રસોઈ કરી છે ને તમને બેઠા બેઠા જમાડ્યા છે. I ask you what's your reward ?

આજે સંકલ્પ કરો, 'મારા મમ્મી-પપ્પાના છેલ્લા શ્વાસ સુધી હું એમની સેવા કરીશ. સારામાં સારી સેવા.' અને આ માટે 5th step જરૂરી છે. તે છે -

**(v) Resign** - ભારતમાં બ્રિટીશોનું રાજ હતું ત્યારની વાત છે. આશુતોષ મુખરજી બંગાળમાં એક સારી પોષ્ટ પર હતાં. વાઈસરોયે તેમને

ઉંચી ઓફર આપીને ફોરેન જવા માટે કહ્યું. આશુતોષે ના પાડી. કારણ આપ્યું. મારી 'મા' ની ઈચ્છા નથી. વાઈસરોયે કહ્યું, 'Do you know the result of this ?' આશુતોષે જવાબ આપ્યો. 'Yes, You can dismis me. But I'm ready to resign.' વાઈસરોય આવી માતૃભક્તિ જોઈને તાજુબ થઈ ગયા.

**My dears. તમે ક્રિકેટ રમો છો ને મમ્મીનું કોઈ કામ અટકી ગયું છે. Please take resignment from it. તમે વેકેશન ટુરમાં જાઓ અને એનાથી મમ્મીની છ'રી પાલિત સંઘમાં જવાની ઈચ્છા અધુરી રહી જાય છે. તો ટુરમાંથી Resignment લઈ લો. Resign ફક્ત Job માંથી જ લેવાય, એવું નથી. ટી.વી., સ્વિમિંગ પુલ, કરાટે, વોટર પાર્ક, રિસોર્ટ, હોટલ, સિનેમા. Mom says no, finish. હવે વાત પુરી થઈ ગઈ. Hate those, જે તમારા ઉપકારીઓને ન ગમે તેની તમને નફરત હોવી જોઈએ.**

બસ આ 5 steps તમે ચડો. પછી જીવનમાં તમને બધે જ lift મળશે. તમે વિના મહેનતે ઉંચા ઉંચા શિખરોને સર કરશો. Wish you all the best.

## *Meditation*

I will say one to ten. દરેક નંબર પર તમે વધુ ને વધુ ઉંડાણમાં જશો. પરમ શાંતિ... પરમ આનંદ... પરમ સુખનો અનુભવ થશે... 1..2..3.. deeper.. more deep.. more... 4..5.. પરમ શાંતિ... જે આનંદના અવકાશમાં તમે જીવનમાં કદી પણ નથી ગયા એમાં તમે અત્યારે એન્ટર થઈ રહ્યા છો.. 6..7..8.. ખૂબ ઊંડાણમાં 9.. 10.. incredible.

Now meditation, Now my heart is full of respect. I am nothing. My parents are everything. હું દિવસમાં 3 times એમને પ્રણામ કરું છું. મારું માથું એમના પગમાં છે. એમનો હાથ મારા માથા પર છે. એમના શુભાશિષ મારા પર વરસી રહ્યા છે. મારા રોમે રોમે એમના ઉપકારોની સંવેદના છે. મારી આંખોમાં આંસુ છે. આજ સુધી હું જેટલી

વાર મમ્મી-પપ્પાની સામે બોલ્યો, એમનું કહ્યું ન માન્યું, એમને દુઃખી કર્યા... **Oh ! I'm sorry, મમ્મી મને માફ કરી દે. Papa, please forgive me.**

**મારા આ આંસુઓની સાથે મારા બધાં જ દોષો, બધી જ ઉદ્ધતાઈ, બધી જ** Bad manners **છૂટી રહી છે. આજથી હું માતા-પિતાનો પરમ ભક્ત દિકરો છું.** Yes, Now I'm shravan. **મમ્મી-પપ્પા આવે એટલે હું સ્પ્રિંગની જેમ ઉભો થઈ જાઉં છું. એકદમ** Naturally. **એમની પાસે મારું બેસવું-બોલવું-ચાલવું બધું જ** polite **હો છે. I have respect. I have request, I reply, I reward & I resign - Now I became a good son. a real son, a compete son.**

Thanks God, You gave me this golden knowledge today. I'll always take care of it. I will always remember this is my nature. Thanks God, Thanks a lot. I'm gratefull to pujya Haribhadrasuriji. Authar of Yogabinu. My thanks to Jinshasan, who has such great manners, world can't even think. **અદ્ભુત અદ્ભુત અદ્ભુત એવા જિનશાસનને વંદન વંદન વંદન.**

✳ ✳ ✳ ✳ ✳

# ૭ The Divine Destiny

ટ્રેનમાં સરદારજી પાસે ટિકિટ ચેકર આવ્યો. બધું ફંફોસ્યુ. ટિકીટ ન મળી. સરદારજી મુઝાયા. T.C. કહે, I can understand. તમે ટિકીટ લીધી જ હશે. પણ ખોવાઈ ગઈ છે. No problem. તો ય સરદારજી ટેન્શનમાં. ખુલાસો - ક્યાં જવાનું એ ભૂલાઈ ગયું છે. એટલે ટિકીટ શોધે છે.

આ આપણી વાત છે. આપણે ભાગ-દોડ ઘણી કરીએ છીએ, ઉથલ-પાથલ પણ ઘણી કરીએ છીએ. But we don't know our destiny. Today I have 4 things to tell you. Thre are the four steps to achieve our destiny.

**(A) Attend :** It means ધ્યાન આપવું. તમારા જીવનલક્ષ્ય વિષે ધ્યાન આપો. What do you want in your life ? What do you like to achieve in your life ? તમને પૈસા જોઈએ છે ? Wait a minute. Look at the rich persons. How do they live ? એ લોકો ખાવા માટે-પચાવવા માટે - સૂવા માટે ટેબ્લેટ ખાય છે. જાનવર/ભિખારીને ય જે ઉંઘ અને ભૂખનું સુખ મળ્યું હોય છે, તેનાથી તેઓ વંચિત છે. નેતા-અભિનેતા બનવું છે ? **Look at them. સ્પર્ધામાં ટકી રહેવા માટે તેઓ દિવસ-રાત હવાતિયા મારે છે. Actually જેમને જોઈને તમને ઈર્ષ્યા થતી હોય છે, આવા બનીએ તો કેવું સારું, એવું તમે વિચારતા હો છો, તેઓ દુનિયાના દુઃખીમાં દુઃખી જીવો હોય છે.**

એવું જ નહીં, તેઓ દુનિયાના પાપીમાં પાપી પણ જીવો હોય છે. અમેરિકાનો અબજોપતિ માણસ-રોક ફેલર. એક માનવતાવાદી સંસ્થાને એણે ડોનેશનનો ચેક મોકલ્યો. ચેક રિટર્ન આવ્યો. સાથે એક લેટર હતો- 'ગરીબોનું લોહી ચૂસી ચૂસીને ભેગો કરેલો પૈસો અમારે ન જોઈએ. એનાથી તો અમારી સંસ્થાનું સત્યાનાશ નીકળી જશે.' આજના કાળમાં ચોર ને ખૂની કરતા પણ વધુ ખતરનાક આ શ્રીમંત અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હોય છે. I tell

you my dears. આવો પૈસો તમને મળતો પણ હોય ને, તો એને ‘No’ કહી દેજો.

**Attend. આ જીવન ધનવાન બનવા માટે નહીં, પણ ગુણવાન બનવા માટે છે. આપણા જીવનનું લક્ષ્ય એક જ હોવું જોઈએ. મારા દોષો દૂર કરવા માટે પૂરે પુરું ધ્યાન આપીશ.**

**(B) Attempt** - પ્રયાસ કરવો, લક્ષ્ય પર ધ્યાન આપવું. સરદારજી સ્વિમિંગ પુલમાં પડ્યા. ડુબવા લાગ્યા. ૮-૧૦ જણે મળીને માંડ કાઢ્યા. સરદારજી એ નક્કી કર્યુ. હવેથી તરતા આવડે નહીં ત્યાં સુધી પાણીમાં પડવું નહી.

પહેલા દિવસે કોઈને સાઈકલ આવડી જતી નથી. પ્રયાસ કરવો પડે છે. નવી વસ્તુ હંમેશા અઘરી હોય છે. Be brave my dears. Never be affraid of difficulties. દોષોને દૂર કરવા માટે અને ગુણોને પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરતા રહેવું.

**(C) Attack** - દોષો પર આક્રમણ કરવું. આ જ એ ભીતરના ભૂત છે. જેમણે આપણને અનંતવાર નરકાદિ દુઃખો આપ્યા છે. **अप्पाणमेव जुज्झाहि** - આપણે આપણા દોષો સાથે લડવાનું છે. દરેક દોષથી વિપરીત વર્તન કરવું એ તે દોષો પરનો એટેક છે. **અહંકાર સતાવે છે, તો ખૂબ નમ્ર બનો, ગુસ્સો આવે છે. તો પ્રેમથી સહન કરી લો. કપટ છૂટતું નથી, તો અત્યંત સરળ થવાનો પ્રયાસ કરો. લોભ જાગે છે, તો ખૂબ સંતોષ અપનાવો. આસક્તિ જાગે છે તો વિષયોનો ત્યાગ કરી દો.**

**(D) Attain** - પ્રાપ્ત કરવું, દુનિયામાં કોઈના પર એટેક કરો, તો કાંઈ ન મળે, એવું બની શકે. દોષો પર એટેક કરે તેને અવશ્ય ગુણોની પ્રાપ્તિ થાય થાય અને થાય જ. ઉત્તરાધ્યયનસૂત્ર કહે છે - **कोहणिग्गहेण भंते जीवे किं जणयइ ? खंतिं जणयइ** - ક્રોધ ને જીતવાથી ક્ષમા પ્રગટે છે. **माणणिग्गहेण भंते जीवे किं जणयइ ? मद्दवं जणयइ** - અભિમાનને જીતવાથી મૃદુતા પ્રગટે છે... પ્રાપ્તિ, સંપત્તિ વગેરેની પ્રાપ્તિ એ ખરી પ્રાપ્તિ નથી. ખરી પ્રાપ્તિ છે ગુણોની. આપણા જીવનની સાર્થકતા એનાથી જ છે.

* * * * *

# Start your inner Journey

એક વાર પ્રોફેસરની પત્નીઓ ભેગી થઈ. એક કહે- મારા પતિ એટલા ભૂલકણા છે કે એક વાર ઘરે પાછા જ ન આવ્યા. કેટલી તપાસ કરી તો બાજુની ગલીમાં ઘર શોધતા'તા. બીજી કહે - એમાં શું ? મારા પતિ એક વાર કોટ ભૂલી ગયા ને હું રસ્તા પર એમને આપવા ગઈ, તો કહે - તમે કોણ છો ? ત્રીજી કહે - આ તો કાંઈ નથી. મારા પતિ તો એક વાર ઘરે આવ્યા, ને રોજ જ્યાં ખૂણામાં લાકડી રાખતા હતા, ત્યાં પોતે ઊભા રહી ગયા, ને લાકડી તો સોફા પર મૂકી દીધી હતી.

My dears, પહેલા પ્રોફેસર ઘર ભૂલી ગયા, બીજા પ્રોફેસર પત્નીને ભૂલી ગયા, ત્રીજા પોતાની જાતને ભૂલી ગયા હતા. આજે મોટા ભાગની દુનિયાની સ્થિતિ ત્રીજા પ્રોફેસર જેવી છે. **જાતને ભૂલી જવી એ દુનિયાની Biggest stupidity છે. એ Horrible છે.** આપણે એનાથી ખૂબ દૂર રહેવું જોઈએ. એના માટે આજે 3 acts દ્વારા inner journey ની વાત કરવી છે.

**(A) Look - તમને જુઓ,** Who are you ? You are not a body, But you are a soul. Who never borned & never will be died. જ્યારે આપણે કહીએ છીએ કે અમુક ભાઈ મરી ગયા = એ ગયા = ક્યાં ગયાં ? એમનું Body તો આપણી નજરની સામે જ છે. Who is gone ? It's soul. દિલ્હીની શાંતિદેવીનો કિસ્સો, બ્રાહ્મણની દીકરી મધુનો કિસ્સો. યહુદી રાજા ડેવિડનો કિસ્સો - આવા ઘણા કિસ્સાઓએ પૂર્વજન્મ - પુનર્જન્મની ઘટના દ્વારા આત્માને પુરવાર કર્યો છે. Rebirth - એ એક proved matters છે. વિજ્ઞાનના વર્ષોના સંશોધનો સાવ જ ખોટા પડ્યા છે. અને ભગવાનની વાણી એક Universal truth તરીકે સાબિત થઈ છે.

**My dears ! you are soul. આત્મા છો તમે. જેને જન્મ નથી, મૃત્યુ નથી, રોગ નથી. દુઃખ નથી, આખી દુનિયાના શસ્ત્રોથી પણ જેને ઉની આંચ ન લાવી શકે એ તમે છો.**

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयत्यापो, न शोषयति मारुतः ॥

**એને શસ્ત્રો કાપી શકતા નથી, આગ બાળી શકતી નથી. પાણી પલાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.**

That's your form my dears, Look at it. એને તમે ધ્યાનથી જુઓ. તમે જુદા છો, શરીર જુદું છે. જેમ બીજાના શરીર સાથે તમારું Relation નથી. તેમ તમારા શરીર સાથે પણ તમારું Relation નથી. Look my dears. Look with attention. Recognise your self.

**(B) Love** – There is an only substance to love in the whole word, That's soul. It's you, It's lasting. It's pure, દુનિયાની બીજી બધી જ વસ્તુ પારકી છે. નશ્વર છે. અપવિત્ર છે. આત્મા ચેતન છે. બીજું બધું જ જડ છે. એક માને એના દીકરા પર એટલે જ પ્રેમ હોય છે. કે એ એને 'મારો' લાગે છે. Try to understand my dears. You have only one. Who is yours. Whom really, you can say mine. It's your soul. Nothing else. It's so blissfull. Made of pure pleasure. The ocean of the knoledge. Love it my dears. **જે આત્માને ચાહે છે, એ સુખી થાય છે, જે શરીરને ચાહે છે. એ દુઃખી થાય છે. સંસારના બધાં જ દુઃખો શરીર પ્રત્યેના પ્રેમથી ઊભા થાય છે. સંસારના બધાં જ દુઃખોનો અંત આત્માના પ્રેમથી થાય છે.**

અજ્ઞાની માણસ કોઈ પણ કામ કરતા પહેલા એમ વિચારે છે– આમાં મારા શરીરને શું મળશે ? જ્ઞાની એમ વિચારે છે – આમાં મારા આત્માને શું મળશે ? પૈસા, વસ્તુ, ગેમ્સ, પ્રશંસા આ બધાંનો સંબંધ શરીર સાથે છે. સુખ-દુઃખના સાધનોનો સંબંધ શરીર સાથે છે. **આપણે શરીર નહીં પણ આત્મા છીએ. અજ્ઞાની ખોટે ખોટો શરીરની બાબતોમાં જોડાય છે. કર્મ બાંધે છે. અને ભવભ્રમણ કરે છે. આજે આપણને જ્ઞાન મળ્યું. આજે આપણને આપણા સ્વરૂપની જાણ થઈ. હવે આપણે ડગલે ને પગલે એક જ વાત વિચારશું. આમાં મારા આત્માનું શું ? આ છે**

**આત્મપ્રેમ.** ગજસુકુમાલ મુનિ, મેતારજમુનિ, ખડ્ગકુમાર મુનિ. સ્કંધક સૂરિ શિષ્ય મુનિઓ - આ બધાં આત્મપ્રેમને કારણે પરમ સમાધિ પામ્યા. દુનિયાની વસ્તુઓ/વ્યક્તિઓના સંદર્ભમાં આ સત્ય છે - **प्रीत किये दुःख होय,** આત્માના સંદર્ભમાં આ સત્ય છે. **प्रीत किये सुख होय ।**

**(C) Loot -** લૂંટો, આત્માને જોયો, આત્માને ચાહ્યો, પછી એક જ કામ બાકી રહે છે, આનંદ લૂંટવાનું. ગોર્કીએ અમેરિકા માટે કહેલ - જે પ્રજાને સુખી થવા માટે આટલા બધા સાધનોની જરૂર પડતી હશે, તે પ્રજા હકીકતમાં કેટલી દુઃખી હશે ? બહાર સુખ છે જ નહીં, સુખ આત્મામાં છે. **ત્રાજવામાં એક પલ્લામાં દુનિયાભરના ખાવા-પીવા-હરવા-ફરવા-મોજ-શોખનું સુખ મુકી દઈએ, અને બીજા પલ્લામાં આત્માનું સુખ મુકીએ, તો આત્માનું સુખ વધી જાય.** આત્માના આ સુખને પામવાનો એક જ રસ્તો છે. જિનશાસનની આરાધના. જેમ જેમ જિનશાસનની આરાધના થતી જશે, તેમ તેમ આ સુખ વધતું જશે. જેની સંપૂર્ણતા મોક્ષમાં છે.

❋ ❋ ❋ ❋ ❋

એક દારૂડિયો ચાર રસ્તા વચ્ચે ઉભો રહી ગયો હતો. ચારે બાજુ ટ્રાફિક જામ થઈ ગયો. છેવટે પોલિસને બોલાવવો પડ્યો. એણે દારૂડિયાને કહ્યું, - શા માટે આમ ઉભો છે ? એ કહે - આખી દુનિયા ફરે છે. મારું ઘર આવશે એટલે હું અંદર જતો રહીશ.

લોકો કહે છે કે દુનિયા ફરે છે. હકીકત એ છે કે ૧૪ રાજલોકમાં આપણો આત્મા ભવભ્રમણ કરી રહ્યો છે. એને ચાર ભાગમાં સંક્ષેપથી કહી શકાય.

(A) Animal life

(B) Human life

(C) Heaven life

(D) Hell life.

(ચાર ગતિના ભવભ્રમણની મેટર પ્રસન્નતાની પરબ અને વેદનાના શિખરે આ બે પુસ્તકમાં છે.)

✻ ✻ ✻ ✻ ✻

# ૧૦ The Hisotry of the Stars

છગન એક વાર ફિલ્મ-સીટીમાં જઈ ચડ્યો. ત્યાં એક હીરો કોઈ કૂતરાથી ડરીને ભાગતો હતો. છગને એને કહ્યું કે તું તો ફિલ્મમાં બહુ બહાદુરીનો દેખાવ કરે છે ને, આ તને શું થઈ ગયું ? પેલો હીરો કહે, મને કાંઈ થઈ નથી ગયું.' 'તો પછી ?' 'હું તો આવો જ છું.' 'તો પછી એ ફિલ્મમાં ?' 'એ તો Acting હતી.'

This is the fact my dears, filmy heroes are actually zeros. Today I tell you the History of real stars. **આત્માના ઈતિહાસને જાણીને આપણે એવું કરવું જોઈએ કે જેનાથી આ ઈતિહાસનું પુનરાવર્તન ન થાય. એવું શું કરવું ? એનો lesson આપણને 3 types of the real stars આપે છે -**

**(A) Shining stars :** જેમને સમ્યગ્દર્શન - જ્ઞાનનું તેજ પ્રાપ્ત થયું, એવા શ્રાવકો રતિભાઈ (વઢવાણ) એ દીકરીના જાનમા, ધંધાના શેઠને રિસિવ કરવામાં રાત્રિભોજનનો ત્યાગનો આદર્શ જાળવી રાખ્યો. પોતાના હરણિયાના ઓપરેશન પછી ય પ્રભુદર્શન પ્રતિદિન કર્યા. પોતાના ગુરુના આગમનના સમાચાર આપનારને પેથડશાએ સોનાની જીભ, ૩૨ હીરા - ૫ ઘોડા- ૫ જોડ કિંમતી વસ્ત્રો- ૫ ગામ આપ્યા. કપર્દિ મંત્રી તિલક ખાતર કડકડતી તેલના કડાઈમાં કૂદી પડ્યા. કુમારપાળ રાજાને પૌષધમાં મકોડો ચોંટ્યો, તો તેને તકલીફ ન થાય, તે માટે ચામડીનો એટલે ભાગ ઉખેડી દીધો. Do your best & forget the rest. છગનનો છોકરો : પપ્પા, તમે વીજળીથી ડરો ? છગન : ના, દીકરો પાણીથી/કૂતરાથી/ચોરથી ? છગન : ના પણ તું આવું શા માટે પૂછે છે ? દીકરો : મારે તો એટલું જાણવું છે, કે તમે મમ્મી સિવાય બીજા કોનાથી ડરો છો. Be a shining star my dears. પછી તમારે કોઈનાથી ડરવું નહીં પડે.

**(B) Shooting stars :** જેમણે ચારિત્રની સાધના દ્વારા કર્મોનો ખાત્મો

બોલાવી દીધો. કલકત્તા ઝવેરી. ખૂન થતું જોઈ ગુપ્ત દીક્ષા. ગુરુને નામ-સરનામું આપી કહ્યું. મારા મરણ સુધી કોઈ સમાચાર ન આપતા. દર મહિને ૧૮ ઉપવાસ. ૧૨ એકાસણા. એ ય અવઢ્ઢ + ઠામ ચોવિયાર. **૭૦૦ વર્ષ પહેલા વર્ધમાનસૂરિજીની પ્રેરણાથી વસ્તુપાલ-તેજપાલે શંખેશ્વરનો સંઘ કાઢ્યો. જીર્ણોદ્ધાર કરાવ્યો. વસ્તુપાલ-તેજપાલનું મૃત્યું થયું. ત્યારે શાસનસ્તંભ તૂટી પડ્યાની લાગણીથી વિશિષ્ટ સંવેગપૂર્વક પૂજ્યશ્રી આયંબિલનું અખંડ વર્ધમાન તપ કરવા લાગ્યા. સંઘે પારણું કરવા માટે વિનંતિ કરી. શંખેશ્વર દર્શન કરી પારણું કરવાનો નિયમ. આબૂ પ્રતિષ્ઠા કરી ત્યાંથી સંઘ લઈને પાછા ફરતા હતા. છેલ્લા ૧૫ વર્ષથી આંબેલ ચાલતા હતા. On the way કાળ કરી ગયા. શંખેશ્વરના જ અધિષ્ઠાયક થયા.** Shooting stars. **રાજનીતિ કહે છે - अर्धराज्यहरं मित्रं यो न हन्यात् स हन्यते ।** રાજ્યના ભાગીદારને જે ન મારે તે પોતે મરી જાય છે. ભગવાન કહે છે - તમારા ખરા દુશ્મન કર્મો છે. એમને ખતમ કરી દો. નહીં તો એ તમને ખતમ કરી દેશે. Be shooting stars my dears.

**(C) Showering stars :** વરસતા સિતારા, તીર્થંકરો-અરિહંતો એ વિશ્વ ઉપર ઉપકારનો વરસાદ કરે છે. તેઓ Showering stars છે. તેમણે પૂર્વના ત્રીજા ભવમાં સમગ્ર વિશ્વનું કલ્યાણ કરવાની ભાવના ભાવી. સાથે સાથે જબરદસ્ત આરાધના કરી, અને પરિણામે અંતિમભવમાં તીર્થંકર થઈને લાખો/કરોડો/અસંખેય જીવોનું કલ્યાણ કર્યુ.

My dears, we have to be shining stars, shooting stars & showering stars. Please try for it. Wish you all the best.

❋ ❋ ❋ ❋ ❋

# ૧૧ The Real Realisation

છગનને રસ્તા ઉપર મગન મળી ગયો. છગને એને કહ્યું : અલ્યા મેં તને ૧૦૦ રૂા. આપ્યા હતા. યાદ છે ને ? મગન કહે - યાદ છે અને જીવનભર યાદ રાખીશ.

My dears, This is not real realisation, today I tell you the form of the real realisation.

**(A) Understand :** જિનશાસનના ઉપકારોને સમજવા. આત્માના અનાદિના ઈતિહાસમાં જ્યાં પણ એને થોડું ય સુખ મળ્યું છે, એ જિનશાસનના પ્રભાવે. **जलपाणदायगस्स वि उवयारो ण तीरए काउं - પાણીનો ગ્લાસ પણ આપે. એના ઉપકારનો બદલો ન વાળી શકાય. તો પછી જિનશાસનના ઉપકારનો બદલો કઈ રીતે વાળી શકાય ? રોમે રોમે આ સંવેદના હોય, તો એ આપણી understanding છે.**

**(B) Undertake :** જિનશાસનના કાર્યને આપણા માથે લેવું. જ્યાં સાચી understanding હોય. ત્યાં Undertaking અવશ્ય હોય. No.1 - પૂર્ણ કાર્યશીલતા - દીક્ષા. No.2 - મહત્તમ કાર્યશીલતા-શાસનસુભટ.

**(C) Undergo :** જિનશાસન ખાતર કષ્ટો વેઠવા-ઘસાવું. સંસાર એ ગટર છે. એના માટે ગમે તેટલું ઘસાઓ, એનો કોઈ જ અર્થ નથી. એના માટે આખી જિંદગી પણ આપી દો. તો ય Result zero છે.

**જિનશાસને આપણને કેટલીય વાર મોતથી બચાવ્યા છે. એણે આપણને કેટકેટલી જિંદગી આપી છે. આપણો સંકલ્પ જોઈએ કે આપણે આપણી આ જિંદગી જિનશાસનને આપી દઈશું.**

✻ ✻ ✻ ✻ ✻

(૧) Subdue - તાબે કરવું, Submerge - ડૂબાવવું. Submit - તાબે થવું, Subscribe - ફાળો આપવો. Subside - ઓસરી જવું. શાંત પડવું. Subtract - બાદ કરવું.

(૨) Sweeten - ગળ્યું કરવું, Shorten - ટુંકાવવું, Soften - પોચું કરવું.

(૩) Accept - સ્વીકારવું, Add - ઉમેરવું, Admire - વખાણવું, Adorn - શણગારવું, Advice - સલાહ આપવી, Agree - સમ્મત થવું, Allow - રજા આપવી.

(૪) Analyse (એનલાઈઝ) - પૃથક્કરણ કરવું, Answer - જવાબ આપવો, Apeal અરજ કરવી, Appear - દેખાવું, Apply - ચોપડવું.

(૫) Appoint - નિમણૂંક કરવી, Approve - માન્ય કરવું, Argue - દલીલ કરવી, Arise - ઉઠવું-ઉગવું, Arrest - ધરપકડ કરવી.

(૬) Ask - પૂછવું, Aspire - મહેચ્છા રાખવી, Assemble - ભેગું કરવું, Assign - સોંપવું-નીમવું, Assist - સહાય કરવી, Assume ધારી લેવું, Assure - ખાતરી આપવી.

(૭) Attack - હુમલો કરવો, Attemp - પ્રયત્ન કરવો, Attend - ધ્યાન આપવું, Attract - આકર્ષવું, Attain - પ્રાપ્ત કરવું.

(૮) Audit - હિસાબ તપાસવો, Avoid - ટાળવું, Await - રાહ જોવી, Aware - જાગવું, જગાડવું.

(૯) Believe - માનવું, Beseech - આજીજી કરવી, bestow - અર્પણ કરવું, Behave - વર્તવું, Become - થવું, Begin - શરૂ થવું.

(૧૦) Check - તપાસવુ, Change - બદલવું, Challenge - પડકારવું, Chatter - દાંત કકડાવવા, Chase - પીછો પકડવો.

(૧૧) Compare - તુલના કરવી, Compete - સ્પર્ધા કરવી, Compose - રચવું, Compress - દબાવવું, Compile - સંકલન કરવું, Complete - પૂરું કરવું.

(૧૨) Condole - કંડોલ, દિલાસો આપવો, Confirm - મંજૂર કરવું, Connect - જોડવું, Conquer - કોન્કર, જીતવું, Consume - વાપરી નાખવું, Contribute - ફાળો આપવો, Contain - સમાવેશ કરવો.

(૧૩) Crave - તલપવું, Cross - ઓળંગવું, Creat - સર્જન કરવું, Crop - લણવું.

(૧૪) Defame - બદનામ કરવું, Defeat - હરાવવું, Defend - બચાવ કરવો.

(૧૫) Delay - ઢીલ કરવી, Delete - છેકી નાખવું, Deliver - વહેંચવું, Delight - આનંદ આપવો.

(૧૬) Detect - શોધી કાઢવું, Despise - ધિક્કારવું, Detain - રોકવું, Determine (ડિટર્મિન) - નિશ્ચય કરવો, Destroy - નાશ કરવું.

(૧૭) Endure (એન્ડ્યુર) - સહન કરવું, Enforce - અમલમાં લાવવું, Endeavour (એન્ડેવર) - પ્રયત્ન કરવો, Engross - માં લીન કરવું, Enlarge - વધારવું, Enjoy - આનંદ માણવો.

(૧૮) Flash - ઝબકારો થવો, Flap - પાંખો ફફડાવવી, Flee - નાસી જવું.

(૧૯) Flot - તરવું, Flow - વહેવું, Fly - ઉડવું, Flourish - ફાલવું.

(૨૦) Forget - ભૂલી જવું, Forgive - માફ કરવું, Forsake - ત્યજી દેવું, Forbear - ધીરજ રાખવી.

(૨૧) Greet - સલામ કરવી, આવકાર આપવો, Grant - આપવું, મંજૂર કરવું, Gratify - સંતુષ્ટ કરવું, Grip - સખત પકડવું, Grow - ઉગવું.

(૨૨) Hear - સાંભળવું, Heed - ધ્યાન આપવું, Hasten (હેસન), ઉતાવળ કરવી, Help - મદદ કરવી, Heal - રુઝવવું.

(૨૩) Harden - સખત કરવું, Harass - હેરસ, ત્રાસ આપવો, Harm - ઈજા કરવી, Hate - ધિક્કારવું, Hesitate - આનાકાની કરવી, Hiss - ફૂંફાડો મારવો, Hit - ફટકો લગાવવો, Hinder - હિન્ડર - ખલેલ કરવી, Heat - ગરમ કરવું.

(૨૪) Increase - વધવું, વધારવું, Include - નો સમાવેશ કરવો, Implore - આજીજી કરવી, Improve - સુધારવું.

(૨૫) Insist - આગ્રહ રાખવો, Inspect - તપાસવું, Interpret નો અર્થ ઘટાવવો, Intersect - છેદવું.

(૨૬) Invent - શોધવું, Invite - આમંત્રણ આપવું, Invest - નાણા રોકવાં, Invade - ચડાઈ કરવી.

(૨૭) Lead - દોરવું, Leak - ચૂવું, Lean - ઝૂકવું, Leap - કૂદવું.

(૨૮) Look - જોવું, love - પ્રેમ, loot - લૂંટવું.

(૨૯) Mark, Memorize - મોઢે કરવું, Munch - વાગોળવું, Meditate - ધ્યાન ધરવું, Melt - પીગળવું.

(૩૦) Overdraw - ખાતામાં હોય એના કરતા વધુ રકમ ઉપાડવી, Overflow - ઉભરવું, Overthrow - ઉથલાવી પાડવું.

(૩૧) Overlook - ઉપરથી જોવું, Overhear - કોઈના અજાણતા સાંભળવું, Overdo - અતિરેક કરવો, Overturn - ગબડાવી દેવું.

(૩૨) Peep - ડોકિયું કરવું, Perceive - જોવું, Perserver - ખંત રાખવો, Persist - ખંતથી વળગી રહેવું.

(૩૩) Poise - સમતોલ રાખવું, Polish - ચળકતું રાખવું, Ponder - વિચાર કરવો.

(૩૪) Pray - પ્રાર્થના કરવી, Prefer - પસંદ કરવું, Prepare - તૈયાર કરવું, Practice - મહાવરો કરવો.

(૩૫) Promise - વચન આપવું, Prohibit - બંધી કરવી, Progress - વિકાસ કરવો, Produce - બનાવવું, Proceed - આગળ વધવું, Procure - મેળવવું.

(૩૬) Modify - હળવું કરવું, Moderate - નરમ પાડવું, Mould - ઢાળો પાડવો.

(૩૭) Provide - પૂરું પાડવું, Protect - રક્ષણ થવું, Prosecute - ચાલું રાખવું, Prosper - સમૃદ્ધ થવું.

(૩૮) Put - મુકવું, Push - ધકેલવું, Pull - ખેંચવું, Pursue - ની પાછળ Purify - શુદ્ધ કરવું.

(૩૯) Quack - ધ્રુજવું, Qualify - લાયક થવું, Quarrel - કજિયો કરવો, Quench - તરસ છિપાવવી.

(૪૦) Question - પ્રશ્ન પૂછવો, Quicken - ગતિ વધારવી, Quiet - શાંત કરવું, Quit - છોડી દેવું, Quote - ટાંકવું.

(૪૧) Read, Realize, Reach, Rear - ઉમેરવું, Reap - ભણવું.

(૪૨) Recede - રીસીડ, પીછેહટ કરવી, Recognize - ઓળખવું, Recollect - રીકલેક્ટ - યાદ કરવું, Recompense - નુકશાન ભરી આપવું, Recast - નવો ઘાટ આપવો.

(૪૩) Refer - ઉકેલ માટે કોઈને મળવું, Reform - સુધારવું, Refrain - કશું કરવાથી દૂર રહેવું, Refresh - થાક ખાવો, તાજા થવું, Refine - શુદ્ધ કરવું.

(૪૪) Refuse - ના કહેવી, Refute - નું ખંડન કરવું, Regret - રિગ્રેટ, દિલગીર થવું, Regulate - નિયમિત કરવું, Regain - પાછું મેળવવું.

(૪૫) Relax - વિસામો ખાવો, Release - મુક્ત કરવું, Reject - અસ્વીકાર કરવો, Rejoice - મોજ કરવી.

(૪૬) Repair - સમું કરવું, Renovate - ફરી નવું બનાવવું, Renew - તાજું કરવું, Repay - પાછું આપવું.

(૪૭) Respect, Request, Reply, Reward, Resign - રાજીનામું આપવું.

(૪૮) Rise - ઉઠવું, ઉગવું, Roar - ગર્જવુ, Rouse - જગાડવું, Rub - ઘસવું, Rule - રાજ્ય કરવું, Run - દોડવું, Ruin - પાયમાલ કરવું, Rush - ધસી જવું.

(૪૯) Salute, Satisfy, Sacrifice - ત્યાગ કરવો.

(૫૦) See, Separate - જુદુ પાડવું, Select, search, secure (સિક્યોર) - પ્રાપ્ત કરવું.

(૫૧) Shine - પ્રકાશવું, Shoot - ગોળી મારવી, Shower - વૃષ્ટિ કરવી.

(૫૨) Study, struggle, Stride - લાંબા ડગલા ભરવા, Stick - ચોંટવું.

(૫૩) Swin, Sweep - વાળવું, Swing - ઝુલવું, Swallow - ગળી જવું.

(૫૪) Think, Thank, Throw.

(૫૫) Transform, Transfer, Translate.

(૫૬) Understand, Undertake - કંઈક કરવાનું માથે લેવું. Undergo - વેઠવું.

(૫૭) Wake - જાગવું, Walk, Win, Watch.

(૫૮) Inspire your life - Inspirit - માં જીવન-ચેતન રેડવું, Install - સત્તાસ્થાને સ્થાપવું, Instar - તારા (Star) તરીકે સ્થાપવું, Instigate - પ્રેરવું, ઉત્તેજવું.

(૫૯) Intercept - કાપી નાખવું, Interfere, Interference - માથું મારવું, Interjection - વચ્ચે/આડુ નાખવું, Interlace - ભેળસેળ મિશ્રિત કરવું.

(૬૦) Inability - અશક્તિ, Inaccessibility - અપ્રાપ્યતા, અસાધતા, (ઈનેક્સેસિબિલિટી), પ્રતિકૂળતા, Inadequacy - અપૂર્ણતા, Inadvertency - બેદરકારી, Inadvisable - ડહાપણ વિહોણું, અનુચિત.

(૬૧) Collection, Connection, Correction, Confession.

(૬૨) Facility - સગવડ, Falicity - શ્રેય, Fidelity - ભક્તિ, Fertility - ફળદ્રુપતા.

✻ ✻ ✻ ✻ ✻